RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 82* Date: 10.01.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દરેક પ્રવાસી ભારતીય અમારો બ્રાન્ડ એમ્બેસેડર,

# ભારત ટોચની ૫ ઈકોનોમિમાં સામેલ :મોદી

ઇન્દોર,તા.૯

મધ્યપ્રદેશના ઈન્દોરમાં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ??મધ્યપ્રદેશના ઈન્દોરમાં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ કોન્ફરન્સને સંબોધિત કરતા કહ્યું કે તેઓ અત્યારે જે શહેરમાં છે તે પોતાનામાં જ અદ્ભુત છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મંગળવારે, ૧૦ જાન્યુઆરીએ તેનું સમાપન કરશે. રાષ્ટ્રપતિ સમાપન સત્રમાં દ્વઈૈંનું સન્માન પણ કરશે. પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ૧૦ જાન્યુઆરી સુધી ચાલશે. ૭૦ દેશમાંથી આશરે ૩૫૦૦ જેટલા સભ્યો પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી માટે મધ્યપ્રદેશ આવ્યા છે. ગયાનાના પ્રમુખ મોહમ્મદ ઈરફાન અલી, સુરીનામના પ્રમુખ ચંદ્રિકા પ્રસાદ સંતોખી, ઓસ્ટ્રેલિયાના સંસદ સભ્ય જેનેતા મસ્કરેન્હાસ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યાં હતા.. પીએમ મોદીએ કહ્યું કે લગભગ ૪ વર્ષ બાદ ફરીવાર પ્રવાસી ભારતીય સંમેલન તેના મૂળ સ્વરૂપમાં યોજાઈ રહ્યું છે.પીએમ મોદીએ કહ્યું કે જ્યારે દુનિયાના વિવિધ દેશોમાં લોકો જોવા મળે છે ત્યારે વસુધૈવ કુટુંબકમની ભાવના દેખાય છે. જ્યારે વિશ્વના વિવિધ દેશોમાં



ભારતની શાંતિ અને તેની લોકશાહીની ચર્ચા થાય છે. તો તેનાથી દેશનું ગૌરવ વધે છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં જે સિદ્ધિઓ હાંસલ કરી છે. તે અસાધારણ છે. જ્યારે ભારત કોવિડ મહામારીની વચ્ચે વેક્સિન બનાવી છે અને જ્યારે ભારત કરોડો લોકોને મફતમાં રસી આપે છે. ત્યારે ભારત એક મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બને છે, ત્યારે વિશ્વના લોકોમાં ઉત્સુકતા વધે છે કે ભારત આ કેવી રીતે કરી રહ્યું છે. સ્પેસ ટેક્નોલોજીમાં ભારત રેકોર્ડ બનાવી રહ્યું છે.આ પહેલા શહેરના દેવી અહલ્યાબાઈ હોલકર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રાજ્યપાલ મંગુભાઈ પટેલ, મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા, બીજેપી રાજ્ય એકમના અધ્યક્ષ વિષ્ણુદત્ત શર્મા અને અન્ય દ્વારા વડાપ્રધાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.વડાપ્રધાને રવિવારે ટ્‌વીટ કરી હતી. આવતીકાલે, ૯મી જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે વાઈબ્રન્ટ શહેર ઈન્દોર છું . ભારતીય ડાયસ્પોરા સાથેના અમારા જોડાણને વધુ ગાઢ બનાવવાની આ એક શ્રેષ્ઠ તક છે, જેણે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વર્ષે કોન્ફરન્સની થીમ છે પ્રવાસી ભારતીયઃ અમૃત કાલમાં ભારતની પ્રગતિમાં વિશ્વસનીય ભાગીદાર.પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ચાર વર્ષના અંતરાલ પછી પ્રથમ વખત ભૌતિક રીતે યોજાઈ રહ્યું છે અને તેમાં ભાગ લેવા માટે લગભગ ૭૦ દેશોમાંથી ૩,૫૦૦ થી વધુ ભારતીય ડાયસ્પોરાએ નોંધણી કરાવી છે. અગાઉ પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ૨૦૨૧ કોવિડ-૧૯ના કારણે વૈશ્વિક રોગચાળો ફાટી નીકળ્યો હતો, ત્યારે વીડિયો કોન્ફરન્સ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.ઈન્દોરમાં આયોજિત ૧૭મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં પીએમ મોદીએ કહ્યું કે અહીં હાજર દરેક દ્વઈૈંએ પોતપોતાના ક્ષેત્રમાં અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. મને આનંદ છે કે મધ્યપ્રદેશમાં પ્રવાસી ભારતીય દિવસનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેને 'ભારતના હૃદય' તરીકે પણ ઓળખવામાં આવે છે. મધ્યપ્રદેશમાં મા નર્મદાનું પાણી, અહીંના જંગલો, આદિવાસી પરંપરા અને અહીંની આધ્યાત્મિકતા તમારી યાત્રાને અવિસ્મરણીય બનાવી દેશે. હું તમામ ભારતીય વિદેશીઓને ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કહું છું. ભારતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે તમારી ભૂમિકા વિવિધ છે. તમે મેક ઇન ઇન્ડિયા, યોગ, હેન્ડીક્રાફ્ટ ઈન્ડસ્ટ્રી તેમજ ભારતીય મિલેટ્‌સના બ્રાન્ડ એમ્બેસેડર છો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ટ્‌વીટ કરીને લખ્યું- ૯ જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય સંમેલન નિમિત્તે વાયબ્રન્ટ સિટી ઈન્દોરમાં છે. આપણા વિદેશી ભારતીયો સાથે જોડાણ ગાઢ બનાવવાની આ એક શ્રેષ્ઠ તક છે. તેણે વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ બનાવી છે.

# ગુજરાતમાંથી પણ ૨૬માંથી ૨૬ બેઠકો જીતવાનો ટાર્ગેટ અપાયો છે. : પાટીલ પર બેઠકો જીતાડવાનું પ્રેશર

અમદાવાદ,તા.૯

દેશમાં સરકાર અને સંગઠનમાં મોટા ફેરફારો થવાની સંભાવનાઓ વચ્ચે ભાજપના નવા પ્રમુખ કોણ હશે તેની ચર્ચા વચ્ચે બે નવાં નામ રમતાં થયાં છે. જગત પ્રકાશ નડ્ડાનો પ્રમુખ તરીકેનો કાર્યકાળ ૨૦ જાન્યુઆરીએ પૂરો થાય છે. નડ્ડાના સ્થાને ભૂપેન્દ્ર યાદવ, ધર્મેન્દ્ર પ્રધાન અને અનુરાગ ઠાકુરમાંથી કોઈ એકને પ્રમુખ બનાવાશે એવી વાતો ચાલી રહી છે. ભાજપનાં કેટલાંક સૂત્રોના મતે, જેપી નડ્ડાનો કાર્યકાળ વધારીને તેમને ફરી પ્રમુખપદની જવાબદારી સોંપાઈ શકે છે. આ વર્ષે ૯ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી છે. ૨૦૨૪માં લોકસભા ચૂંટણી છે તેથી ભાજપ કોઈ પણ પ્રકારનું જોખમ લેવાના બદલે નડ્ડાને રીપીટ કરી દેશે. ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક ૧૬ અને ૧૭ જાન્યુઆરીએ દિલ્હીમાં થવાની છે. આ બેઠકમાં ભાજપ આગામી પ્રમુખના નામની જાહેરાત કરશે. ભાજપ કઈ પણ ભોગે મોદીને દિલ્હીની ગાદી પર ફરી બેસાડવા માટે મક્કમ છે. આ જવાબદારી ચૂંટણીના ચાણક્ય અમિત શાહે પોતાના ખભે ઉપાડી છે.

એવી પણ ચર્ચા છે કે, ભાજપ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને કમાન સોંપવાનું વિચારી રહ્યો છે. આ પહેલાં પ્રધાનને મોદી દ્વારા અનેક મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે તેથી પ્રધાન પર મોદીને ભરોસો વધારે છે. ભાજપના પ્રમુખપદે કોણ આવશે એ દસ દિવસમાં નક્કી થઈ જશે પણ લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપના પ્રચારની જવાબદારી અમિત શાહ નિભાવશે એ અત્યારથી નક્કી થઈ ગયું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલાં યોજાનારી ૯ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપની વ્યૂહરચના શહા ઘડશે.

શાહે આ કામ શરૂ પણ કરીને સોશિયલ મીડિયાના અસરકારક ઉપયોગની વ્યૂહરચના અમલમાં મૂકી દીધો હોવાના અહેવાલ છે. શાહની યોજના મુજબ, દરેક લોકસભા મતવિસ્તાર માટે એક ટ્‌વિટર એકાઉન્ટ બનાવીને મતવિસ્તારમાંથી ૫૦,૦૦૦ ફોલોઅર્સ કરાશે. ટ્‌વિટર પર ફોલોઅર્સ વધારવા માટે, ભાજપની ટીમો કોલેજીયન છોકરીઓ, સ્વસહાય જૂથો, ધાર્મિક નેતાઓનો સંપર્ક કરશે. આ ટ્‌વિટર એકાઉન્ટના માધ્યમથી કેન્દ્રની મોટી ૧૨ યોજનાઓના લાભાર્થીઓને પણ જોડવામાં આવશે. આ ઉપરાંત દરેક સંસદીય મતવિસ્તારમાં એક સોશિયલ મીડિયા ટીમ, એક લોકસભા સંયોજક, સોશિયલ મીડિયા કો-ઓર્ડિનેટર અને એક ટીમ લીડર તૈનાત કરવામાં આવશે. શાહનું લક્ષ્ય આ વખતે ભાજપને ૪૦૦થી વધારે બેઠકો જીતાડવાનું છે. ગુજરાતમાંથી પણ ૨૬માંથી ૨૬ બેઠકો જીતવાનો ટાર્ગેટ અપાયો છે. ગત લોકસભામાં ભાજપે ૨૬ બેઠકો જીતી હોવાથી પાટીલ પર આ બેઠકો જીતાડવાનું પ્રેશર છે.

ભાજપે લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વખતે ભાજપ ૧૬૦ એવી બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરશે કે જ્યાં છેલ્લી ચૂંટણીમાં હાર્યો હતો. ભાજપે આ વખતે લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકો પાર કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હોવાનો સૂત્રોનો દાવો છે. ભાજપ હાલની ૩૦૦ પ્લાસ બેઠકો જાળવીને આ ૧૬૦ બેઠકોમાંથી ૧૦૦ બેઠકો જીતે તો ૪૦૦નું ટાર્ગેટ પાર પાડી શકે છે તેથી અત્યારથી જ આ બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરાશે. ગુજરાત ભાજપે પણ ૨૬ બેઠકો જીતવા માટે સોશિયલ મીડિયા પર આક્રમક પ્રચાર કરવાનું નક્કી કર્યું છે. દરેક મતવિસ્તાર માટે સોશિયલ મીડિયા ટીમ બનાવીને કેન્દ્રની કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓની મદદથી પ્રચાર કરાશે. લોકસભા ચૂંટણીમાં પણ નવા ચહેરા આવશે. આવતી લોકસભા ચૂંટણીમાં ગુજરાત ૨૬ પૈકી ૭થી ૮ સાંસદોને કાપી ભાજપ નવા ઉમેદવારોને ઉતારી શકે છે. આ ચહેરાઓમાં કેટલાંક વર્તમાન ધારાસભ્યો પણ હોઈ શકે. જે ધારાસભ્યોએ સારી એવી લીડથી જીત મેળવી છે તેમના નામ પર પણ ભાજપની બેઠકમાં ચર્ચા થઇ હતી.

# પાત્રતા ધરાવતા લોકોને વન રેન્ક વન પેન્શનની ચૂકવણીનું કામ ઝડપી થાય : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૯

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની માંગ પર બાકી ચૂકવણીની સમયમર્યાદા લંબાવી હતી વન રેન્ક વન પેન્શન કેસમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સુરક્ષા દળોના તમામ પાત્ર પેન્શનરોને ૧૫ માર્ચ સુધીમાં બાકી ચૂકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે એક્સ-સર્વિસમેન એસોસિએશનને એવી છૂટ પણ આપી છે કે જો તેઓ કેન્દ્ર સરકારના લેણાંની ચૂકવણીથી સંતુષ્ટ ન હોય તો તેઓ ફરીથી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે છે. કોર્ટે કહ્યું છે કે પાત્રતા ધરાવતા લોકોને વન રેન્ક વન પેન્શનની ચૂકવણીનું કામ ઝડપી કરવામાં આવે.

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેંચે કેન્દ્રને નિર્દેશ આપ્યો છે કે તેઓ સુનિશ્ચિત કરે કે સુરક્ષા દળોના તમામ પેન્શનરોને તેમની બાકી રકમ ચૂકવવામાં આવે અને તેમાં વધુ વિલંબ ન થવો જોઈએ. એટર્ની જનરલ આર. વેંકટરામણી કેન્દ્ર સરકાર વતી કોર્ટમાં હાજર થયા અને કહ્યું કે કંટ્રોલર જનરલ ઓફ ડિફેન્સ એકાઉન્ટ્‌સે ટેબ્યુલેશન પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે અને ટૂંક સમયમાં આ ટેબ્યુલેશનને મંજૂરી માટે સંરક્ષણ મંત્રાલયને મોકલવામાં આવશે. ૧૫ માર્ચથી પેન્શનધારકોના ખાતામાં એરિયર્સ આવવાનું શરૂ થઈ જશે.

ઉલ્લેખનીય છે કે ગયા મહિને સરકારે વન રેન્ક વન પેન્શન હેઠળ પેન્શનધારકોની બાકી રકમની ચુકવણી માટે સમયમર્યાદા ૧૫ માર્ચ, ૨૦૨૩ સુધી લંબાવવાની માંગ કરી હતી.

આ બીજી વખત હતું જ્યારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની માંગ પર બાકી ચૂકવણીની સમયમર્યાદા લંબાવી હતી. અગાઉ ગયા વર્ષે જૂનમાં પણ કેન્દ્ર સરકારે પેમેન્ટ માટે ત્રણ મહિનાનો સમય માંગ્યો હતો.ગયા મહિનાની શરૂઆતમાં, કેન્દ્રીય કેબિનેટે વન રેન્ક વન પેન્શન હેઠળ સુરક્ષા દળોના પેન્શનરોને સુધારેલા પેન્શનને મંજૂરી આપી હતી. જેના કારણે પેન્શનરોના પેન્શનમાં વધારો થયો છે. રક્ષા મંત્રાલયના ડેટા અનુસાર, સુધારેલા પેન્શન હેઠળ કોન્સ્ટેબલના રેન્કમાંથી નિવૃત્ત થયેલા પેન્શનધારકોને હવે લગભગ ૨૦ હજાર રૂપિયાનું પેન્શન મળશે. આ સાથે કોન્સ્ટેબલ રેન્કના પેન્શનધારકોને ૧ જુલાઈ, ૨૦૧૯ થી ૩૦ જૂન, ૨૦૨૨ સુધીના સમયગાળા માટે ૮૭ હજાર રૂપિયાનું એરિયર્સ ચૂકવવામાં આવશે.

# નૂપુર શર્મા દિલ્હીથી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડે તો નવાઈ નહીં, ઓવૈસીએ ભાજપ પર કર્યો પ્રહાર

નવીદિલ્હી,તા.૯

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીનના નેતા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું છે કે જો ભારતીય જનતા પાર્ટીના સસ્પેન્ડેડ નેતા નુપુર શર્મા ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દિલ્હીથી ચૂંટણી લડે તો તેમને આશ્ચર્ય થશે નહીં.

બીજેપીના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રવક્તા નુપુર શર્માને જૂન ૨૦૨૨માં એક ન્યૂઝ ચેનલ પર ચર્ચા દરમિયાન પયગંબર મોહમ્મદ વિશેની ટિપ્પણી બદલ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી.

ઓવૈસીએ નુપુર સામે ભાજપની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે તે ચોક્કસપણે પાછા આવશે અને ભાજપ માટે ચૂંટણી લડશે એઆઈએમઆઈએમ સાંસદે કહ્યું કે ભાજપ ચોક્કસપણે તેમનો ઉપયોગ કરશે. જો તેમને લોકસભા ચૂંટણીમાં દિલ્હીથી ઉમેદવાર બનાવવામાં આવે તો મને આશ્ચર્ય થશે નહીં.તમને જણાવી દઈએ કે ૨૦૨૨માં ન્યૂઝ ડિબેટ દરમિયાન નુપુર શર્માની ટિપ્પણીને લઈને બીજેપીને દેશ-વિદેશમાં ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. આના કારણે સમુદાયો વચ્ચે અનેક હિંસક ઘટનાઓ બની હતી, જેમાં ઉદયપુરમાં દરજી કન્હૈયા લાલ અને મહારાષ્ટ્રમાં ૫૪ વર્ષીય ઉમેશ કોલ્હેને છરા માર્યાનો સમાવેશ થાય છે.તપાસકર્તાઓનું માનવું છે કે કોલ્હેની નૂપુરને સમર્થન કરતી તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્‌સનો બદલો લેવા માટે હત્યા કરવામાં આવી હતી. કોલ્હેએ મે મહિનામાં પ્રોફેટ પર શર્માના નિવેદનોને સમર્થન આપ્યું હતું.૨૧ જૂન, ૨૦૨૨ના રોજ, મહારાષ્ટ્રના અમરાવતીમાં કોલ્હેની બે મોટરસાઇકલ સવાર પુરુષો દ્વારા ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. એક અલગ ઘટનામાં, રાજસ્થાનના ઉદયપુરમાં નૂપુર શર્માની ટિપ્પણીને સમર્થન આપવા બદલ બે માણસો તેની દુકાનમાં ઘૂસી ગયા અને દરજીનું માથું કાપી નાખ્યું.ઓવૈસીએ કહ્યું કે ઉદયપુરમાં શિરચ્છેદ જેવી ઘટનાઓની નિંદા થવી જોઈએ. હું 'સર તન સે જુડા' જેવા નારાઓની વિરુદ્ધ છું. હું ખુલ્લેઆમ તેની નિંદા કરું છું. આવા નિવેદનો હિંસા ઉશ્કેરે છે. હું હિંસા વિરુદ્ધ છું.ઓવૈસીએ નેતાએ જો કે પ્રશ્ન કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર નુપુર શર્માના નિવેદનો પર કેટલા દિવસોમાં પ્રતિક્રિયા આપે છે.

# દુનિયાની સૌથી લાંબી રિવર ક્રૂઝ ગંગા વિલાસ, ૫૦ દિવસમાં ૩૨૦૦ કિમીનો પ્રવાસ

નવીદિલ્હી,તા.૯

ભારતમાં દુનિયાની સૌથી લાંબી સફર કરાવતી રિવર ક્રૂઝ સર્વિસ શરૂ થવા જઈ રહી છે...પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૩મી જાન્યુઆરીએ વારાણસીમાં ગંગા વિલાસ નામની ક્રૂઝનું લોકાર્પણ કરશે. સરકારને આશા છે કે ગંગા વિલાસથી ભારતમાં રિવર ક્રૂઝ ટુરિઝમનો એક નવો અધ્યાય શરૂ થશે.ગંગા વિલાસ પોતાનામાં સૌથી અનોખી ક્રૂઝ સર્વિસ છે, જેમાં ૫૧ દિવસ સુધીના રાઉન્ડમાં પ્રવાસીઓ ૫૦ ટુરિસ્ટ સ્પોટની મુલાકાત કરી શકશે.યાત્રા દરમિયાન ક્રૂઝમાં નેશનલ પાર્ક, નદીના ઘાટ તેમજ પટના, ઝારખંડના સાહિબગંજ, કોલકાતા, ગુવાહાટી સહિતનાં ઐતિહાસિક શહેરો અને




વર્લ્ડ હેરિટેજ સાઈટ્‌સ પણ જોઈ શકાશે. ક્રૂઝ બાંગ્લાદેશના પાટનગર ઢાકાની પણ યાત્રા કરાવશે.ગંગા ક્રૂઝમાં ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે અગત્યની હેરિટેજ સાઈટ્‌સની પણ મુલાકાત કરી શકાશે. યાત્રિકો વારાણસીની ગંગા આરતી તેમજ બૌદ્ધ ધર્મનાં સૌથી મહત્વના કેન્દ્ર સારનાથની પણ મુલાકાત લઈ શકશે. આસામમાં બ્રહ્મપુત્રા નદીમાં આવેલા દુનિયાના સૌથી મોટા રિવર આઈલેન્ડ અને વૈષ્ણવ સંપ્રદાયના કેન્દ્ર માઝુલીમાં પણ ગંગા ક્રૂઝ રોકાણ કરશે. બિહારની ઐતિહાસિક સ્કૂલ ઓફ યોગા અને વિક્રમશિલા યુનિવર્સિટીમાં યાત્રિકો ભારતની આધ્યાત્મિકતા અને જ્ઞાનનાં સમૃદ્ધ વારસાને પણ જોઈ શકશે.

ક્રૂઝ બંગાળની ખાડીમાં આવેલી વર્લ્ડ હેરિટેજ સાઈટ સુંદરબન તેમજ આસામનાં કાઝીરંગા નેશનલ પાર્કની પણ સફર કરાવશે.ગંગા વિલાસની વિશેષતાઓ પર નજર કરીએ તો આ ક્રૂઝની લંબાઈ ૬૨ મીટર અને પહોળાઈ ૧૨ મીટર છે. ક્રૂઝમાં ૩ ડેક અને ૩૬ યાત્રિકોની ક્ષમતા સાથેનાં ૧૮ સ્યુટ્‌સ છે. યાત્રિકોને ક્રૂઝમાં હોટેલ જેવી તમામ લક્ઝુરિયસ સુવિધાઓ મળશે. આ ક્રૂઝ પ્રદૂષણમુક્ત મિકેનઝમ અન નોઈસ કન્ટ્રોલ ટેક્નોલોજીથી સજ્જ હોવાનો દાવો કરાયો છે.૧૦ જાન્યુઆરીએ શરૂ થનારી ગંગા ક્રૂઝની પહેલી ટ્રિપમાં સ્વિટ્‌ઝરલેન્ડનાં ૩૨ યાત્રિકો જોડાયા છે, જેઓ લોકલ સાઈટસીંગ પૂર્ણ કરશે, ત્યારબાદ ૧૩મીએ વારાણસીથી રાબેતા મુજબની ટ્રિપ ઉપડશે. વારાણસીથી શરૂ થનારી ક્રૂઝ ૫૦ દિવસમાં ભારત અને બાંગ્લાદેશમાં પથરાયેલી ગંગા સહિતની નદીઓમાં ૩૨૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડશે અને પછી વારાણસી પરત ફરશે.

હાલ સરકાર તરફથી ગંગા ક્રૂઝનું ભાડું સત્તાવાર રીતે જાહેર કરવામાં નથી આવ્યું, જો કે સૂત્રોનું માનીએ તો યાત્રિક દીઠ દરરોજનું ભાડું ૨૫ હજાર રૂપિયા છે. એટલે કે ૫૦ દિવસની ટ્રિપમાં એક વ્યક્તિનું ભાડું ૧૨.૫ લાખ રૂપિયા જેટલું થાય. આ ભાડું ગંગા ક્રૂઝને એક વર્ગ પૂરતી મર્યાદિત બનાવે છે.

## તંત્રી સ્થાનેથી...

# ટેરવાને આંખ ઊગે ત્યારે ઈતિહાસ સર્જાય છે

બસો ચૌદ વર્ષ પહેલા ૪ જાન્યુઆરીએ એક એવી પ્રતિભાનો જન્મ થયો જેણે જીવનપર્યન્ત અને જીવન બાદ પણ અજવાળાનું વિસ્તરણ કર્યું. આજે બ્રેઈલ લિપીના શોધક લુઈસ બ્રેઈલનો જન્મદિવસ છે અને વિશ્વભરમાં આજે લુઈસ બ્રેઈલ ડે ઉજવાય છે. ઘોડા માટે જીન બનાવાનો વ્યવસાય ધરાવતા બ્રેઈલના પિતા સાઈમન રેલેની આર્થિક પરિસ્થિતિ તદ્દન સામાન્ય હતી. ઘરમાં રમકડાંના નામે લાકડાના કટકા, ચામડા અને લોખંડના ઓજારો હતા. ત્રણ વર્ષના લુઈસને પિતાના વ્યવસાયમાં સમજ ન હતી પરંતુ પિતાની સાથે એમના કામના સમયે ઓજારોની આસપાસ રહેતા. ઘોડાની નાળ, દોરડા, લોખંડના ટુકડા, ચપ્પુ અને બીજા એવા તીક્ષ્ણ ઓજાર બાળકોની આસપાસ હોય ત્યારે જે સૌથી અઘટિત થઈ શકે એવું જ થયું, રમત રમતમાં લોખંડનું તીક્ષ્ણ ઓજાર છટકીને લુઈસની આંખમાં વાગ્યું. આંખમાંથી નીકળેલ લોહી દર્દનાક હતું પરંતુ એની ઘરેલુ નુસખા સાથે સાદી પટ્ટી બાંધી પ્રાથમિક સારવાર કરી લીધી. આંખ સાજી થવાને બદલે દ્રષ્ટિ ગુમાવતી ગઈ. થોડા સમયમાં બીજી આંખમાં પણ ફરિયાદ શરુ થઈ. લગભગ આઠ વર્ષની ઉંમરે લુઈસે બંને આંખોમાં દ્રષ્ટિ ગુમાવી.

જીવન માટેનું અતિ મહત્વનું અંગ સદાને માટે અક્ષમ થઈ ગયું હતું, પરંતુ જીવનમાં સતત નવું શીખવાની અને સમસ્યા સામે ઝઝૂમવાની પ્રબળ ઈચ્છા શક્તિ લુઈસ પાસે હતી. બેલેન્ટાઈન નામના પાદરીની મદદથી રોયલ ઈન્સ્ટિટયૂટ ફોર બ્લાઈન્ડમાં દાખલો લીધો. ત્યાં સુધી કોઈ નવી શોધ વિષે કલ્પના પણ ના હતી. પરંતુ યુદ્ધમાં સૈનિકો માટે એક ખાસ લિપિ વિષે લુઈસને જાણકારી મળી. સેવાનિવૃત્ત કેપ્ટન ચાર્લ્સ બાર્બરે એક એવી લિપિની શોધ કરી હતી જેમાં સૈનિકો તેમને મળેલ સંદેશ અંધારામાં પણ વાંચી શકે અને તે સંપૂર્ણપણે કોડ લેંગ્વેજમાં હોય જેથી અન્ય કોઈને ખ્યાલ ના આવે. લુઈસે આ ચાર્લ્સ બર્બરને મળવા માટે પ્રયત્ન કર્યા અને એ સાથે જ એક એવી મુસાફરી શરુ થઈ જેના ફળ સ્વરૂપે આજે વિશ્વભરના પ્રજ્ઞાચક્ષુ સ્વાવલંબી થઈ શકે, શિક્ષણ સાથે જ્ઞાન પણ લેવી શક્યા. ૧૮૨૯માં અથાક પરિશ્રમ બાદ છ ટપકાની લિપિ લુઈસે શોધી. અલબત્ત તત્કાલીન શિક્ષણ શાસ્ત્રીઓએ તે સમયે માન્યતા ના આપી. લુઈસના પ્રયત્નો આ લિપિને સામાજિક અને સંવૈધાનિક સ્વીકૃતિ આપવાના હતા. જે જીવતે જીવ શક્ય ના બન્યા, પરંતુ છ જાન્યુઆરી ૧૮૫૨માં લુઈસના મૃત્યુ બાદ આજ સુધી જે જીવ્યા તે લુઈસના પ્રયત્નો અને છ ટપકાની લિપિ.

બસો ચૌદ વર્ષ પછી આજે આપણે જયારે લુઈસ બ્રેલનો જન્મદિવસ ઉજવીએ છીએ ત્યારે એમને શું ભેંટ આપીશું? એનો એક માત્ર ઉત્તર છે ટેક્નોલોજી. યસ, સમગ્ર વિશ્વના દ્રષ્ટિ ક્ષતિ ધરાવતા લોકો માટે ટેક્નોલોજી ખાસ્સી ઉપકારક છે. સ્માર્ટ ફોન અને તેની વિશેષ ડિઝાઈન કરેલી એપના કારણે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ સંપૂર્ણ આત્મનિર્ભર રહી શકે છે. દ્રષ્ટિહીન માટે સ્પર્શ અને અવાજની દુનિયા ખુલ્લી હતી જેના થકી તેઓ શિક્ષણ મેળવતા અને જીવન નિર્વાહ માટે પ્રયત્નો કરતા. હવે સ્માર્ટ ટેક્નોલોજી થકી તેઓ મોટા ઉદ્યોગ સાંભળી શકે છે, વહીવટ કરી શકે છે અને રસોડામાં સહેલાઈથી રસોઈ પણ કરી શકે છે. પ્રજ્ઞાચક્ષુ માટે વિશેષ ઉપયોગી એવા આસિસ્ટિવ ટેક્નોલોજીમાં ઑડીયોબુક, બ્રેલ બુક, સ્ક્રીન રીડર, ટેક્ટાઈલ ઈન્ટરફેસ, વોઈસ રેકગ્નીશન સોફ્ટવેર, એડેપ્ટિવ કીબોર્ડ, સ્પીચ ઈનપુટ, ગાઈડ ડોગ તથા કોમ્પ્યુટરના વિશેષ તૈયાર કરેલ સોફ્ટવેર વિષે સમયાંતરે વધુ ને વધુ માહિતી મેળવવી તથા તેનું શિક્ષણ આપવું જરૂરી છે.

ગુગલ પ્લે સ્ટોર તથા એપલમાં બ્લાઈન્ડ કોમ્યુનિટી માટે હવે ઘણા વિકલ્પ હવે ઉપલબ્ધ છે. રોજિંદા જીવનમાં એનરોઈડ યુઝર માટે ટોકબેક ખુબ સરળ એપ છે. જે ફોન ઉપયોગના તમામ પાસાને આવરી લે છે. પ્રજ્ઞાચક્ષુ માટે કોઈ ખાસ ફોન લેવાની જરૂર નથી. આ સમયગાળામાં મળતાં તમામ સ્માર્ટફોનમાં આસિસ્ટિવ ટેક્નોલોજી નો ઉપયોગ સહજ સાધ્ય છે. દ્રષ્ટિ ક્ષતિ ધરાવતા લોકો માટે પહેલા માત્ર એક લાકડી હતી હવે ટેક્નોલોજી નામનો એક જાતવાન ઘોડો છે જેના પર સવારી કરીને ભલભલી મુસાફરી ઝડપ સાથે શક્ય બની છે. એપલના ફોનમાં વોઈસ ઓવર, કે કમ્પ્યુટરમાં એનવીડીએ સ્ક્રીન રીડર ખાસ્સા યુઝર ફ્રેન્ડલી છે. આ ઉપરાંત જોસ પણ ઉપયોગી સ્ક્રીન રીડર છે જેના થકી દ્રષ્ટિ ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓનું શિક્ષણ અને અન્ય તાલીમ સરળ બની શકી છે. ધારો કે કોઈ પ્રજ્ઞાચક્ષુને ફોટો પાડવો છે, કે કોઈ ડોક્યુમેન્ટ સાચવવું છે તો દ્બગ્દલ્તમ્ રીડર અવાજ થકી માર્ગદર્શન આપી શકશે. ચલણી નોટ અને સિક્કાને ઓળખ માટે પણ ટેક્નોલોજીએ મદદ કરી છે. રસોડામાં હળદરની બરણી કે ચોખાના ડબ્બા પર ચિપ લગાડવાથી તે પોતાની હાજરી નોંધાવે છે.

# શ્રીલંકા સામે પ્રથમ વનડે સીરિઝ પહેલાં જ ભારતને ઝટકો, સ્ટાર ખેલાડી ટીમથી બહાર થયો

મુંબઇ,તા.૯

શ્રીલંકા સામેની વનડે શ્રેણી શરૂ થવાના એક દિવસ પહેલાં જ ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ઈજા બાદ વાપસી કરી રહેલો ઝડપી બોલર જસપ્રીત બુમરાહ હવે આ વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે.

જસપ્રીત બુમરાહને અગાઉ આ શ્રેણીનો ભાગ બનાવવામાં આવ્યો ન હતો, પરંતુ બાદમાં તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. હવે ફરી એકવાર તેને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે.

જસપ્રીત બુમરાહ હજુ બાકીના ખેલાડીઓ સાથે ગુવાહાટી નથી પહોંચ્યો જ્યાં ટીમ ઈન્ડિયા ૧૦ જાન્યુઆરીએ પ્રથમ વનડે રમવાની છે. બીસીસીઆઇદ્વારા ૩ જાન્યુઆરીએ વનડે ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, જયારે જસપ્રીત બુમરાહને શ્રીલંકા સામેની આ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યો હતો. તે દરમિયાન એવું લાગ્યું કે જસપ્રીત બુમરાહ સંપૂર્ણ રીતે ફિટ છે અને રમવા માટે તૈયાર છે. પરંતુ વનડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈ કોઈ જોખમ લેવા માંગતી નથી.

આ જ કારણ છે કે જસપ્રીત બુમરાહને છેલ્લી ક્ષણે શ્રેણીમાંથી બહાર રાખવામાં આવ્યો છે, જેથી કોઈ ઉતાવળ ન થાય અને તેને પરત ફરવા માટે પૂરો સમય મળે. ઋષભ પંત પહેલેથી જ કાર અકસ્માતને કારણે ઘાયલ છે અને તેના વર્લ્ડ કપમાં ભાગ લેવા પર હજુ પણ શંકા છે.

તમને જણાવી દઈએ કે જસપ્રીત બુમરાહ સપ્ટેમ્બર ૨૦૨૨થી ક્રિકેટથી દૂર છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે ૨૦ શ્રેણી રમાઈ હતી, જેમાં જસપ્રીત બુમરાહે ભાગ લીધો હતો.

જે બાદ તે ઈજાના કારણે ટીમની બહાર રહ્યો, જસપ્રીત બુમરાહે એશિયા કપ, ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં ભાગ લીધો ન હતો.

# સાપ સોરી સલમાનખાનને સાપ કરડ્યો

થોડી ક્ષણો પહેલાં સાપ સામાન્ય સાપ હતો. જેની કોઇ છીંકણી લેતું નથી. એ પડખેથી નીકળે તો પણ કોઇ નોંધ લેતું ન હતું. મુફલિસ જેવી લચર જિંદગીથી કંટાળી ગયો હોય કે તેના દૈનિક રાશિ ભવિષ્યમાં જાતક અચાનક લાઇમલાઇટમાં આવી જશે,એ છાપાની બેનર (પહેલા પાને છપાતી મેઇન હેડલાઇન.) બની જશે અને ન્યુઝ ચેનલના બ્રેકીંગ ન્યુઝ બની દશે કે સિનેજગતના ગ્લોસી મેગેઝિનનો હિસ્સો બનશે તેવો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.એણે એક (દુ)સાહસ કર્યુ અને તે પલકભરમાંસેલેબ્રીટી બની ગયો!!લાઇફ રંગીન સંગીન થઇ ગઇ. કેટલાય લોકો ઓટોગ્રાફ બુકમાં ઓટોગ્રાફ લેવા પડાપડી કરે છે. ચેનલવાળા ડંડા જેવા માઇક લઇને ઈન્ટરવ્યું લેવા પડાપડી કરવા માંડ્યા!!

સાપે એક ફાર્મહાઉસમાં એક સાપ, સોરી સલમાનને કરડ્યો.ખલ્લાસ. બોસ તબલકો મચી ગયો. હો હલ્લા થઇ ગયો.અફડા તફડી મચી ગઇ! લોકને આમાં પણ વિદેશી કનેકશન દેખાયું. જેવા જેના ચશ્મા!!કેટલાક રાષ્ટ્રપ્રેમી ( વિઘ્ન સંતોષી) ને હિન્દુ સાપ અને સલમાનનું મુસ્લિમ કનેકશન દેખાયું. દેખને દો. દેખને મેં કયા હર્ઝ હૈ??દેશમાં સહિષ્ણુતા પર ખતરો દેખાયો!!જેવી જેની સોચ( શૌચ નહીં મેરે ભાઇ- બરખુદાર)સાપને ખબર ન હતી કે તે કંઇ હસ્તિ કે વ્યકિતને કરડ્યો છે. એને તો સલમાન અને ભરત બંને સરખા!!

સાપ સાપ( સલમાન)ને કરડીને સ્વદર-ભોગમાં ગયો કે નાગણ અને બચ્ચા-સાપના કણા ઘેરી વળ્યા!!ફેણ પછાડીને કહ્યુ.,'' તમને કમનસીબ કેવો કે સદનસીબ કહેવો એ તમારી પર છોડું છું. જે માણસને મળવા તેની ઝલક જોવા પાગલની માફક કલાકોના કલાક દિવસોના દિવસ ભૂખ્યા તરસ્યા રસ્તા પર પગ દુખાડતા હોય તો પણ તેની ઝલક પામી શકતા ન હોય, ગામડેથી ફદિયા ખર્ચા દિવાનગી કે દિલ્લગી કરીને જેને જોવા માંગતા હોય તે સેલ્ફી કે ફોટો ખેંચાવે તો ખુદને બડભાગી માનતા હોય!! આવા ઓલટાઇમ સેલેબ્રિટીને નજરથી અનિમેષ નજરે ટિકટિકી લગાડી નિહાળ્યો હોય તેને સાક્ષાત્ કરડવાનો તમને મોકો મળ્યો. અમારું કંઇ વિચારવાનું નહીં? અમારે સાપખાન સોરી સલમાનખાનને મળવાની તમન્ના હોય, સ્વમુગ્ધી ( ન સમજ્યા? અરે સેલ્ફી!! ચિત્રવિચિત્ર મોં કરી હોઠ તિરછા કરી લગભગ વર્તુળ દેવા કરી પોતાનો ફોટો પાડવો. જેની લ્હાયમાં ઘણા લોકો જાનથી હાથ ધોઇ નાંખે છે!!) પાડવાની અને સ્ટેટસ અપલોડ કરવાની ઇચ્છા અરમાન ન હોય? અમારે પણ ફેણની પાછળ ગોગલ્સ લટકાવી ચુલબુલ પાંડે બની મુન્ની બદનામ હુઇ ગીત પર સલમાન સાથે ઠૂમકા ન લેવા હોય?તમને પરણીને કયું સુખ પામી છું? કોઇને સારૂં કરડી પણ શકતી નથી એટલે આપણા બચ્ચાંઓને ઓહીયા કરી જઉં છું'' નાગણે પસ્તાળ પાડી.

સલમાન લોકપ્રિય ખરો.?પણ વિવાદાસ્પદ ! અભિનયમાં દમ નહીં . અભિનય બકવાસ. કાળિયારનો શિકાર, ફૂટપાથ પર સૂતેલા મુજલિમને ફૂલ સ્પીડ કાર હેઠળ કચડી નાંખવા, પ્રેમિકા સાથે ઓવર પઝેશિવ થઇ મારકૂટ, ગાળાગાળી, એક જ પ્રકારના સ્ટિરિયો ટાઇપ રોલ અને ફૂવડ ડાન્સ!! નસીબના બળે ફિલ્મો બોકસ ઓફિસ છલકાવે છે.બાકી રેઢિયાળ બિગ બોસનું એક્રરિંગ કરે છે. લગ્નની તેજસ, શતાબ્દી,બુલેટ ટ્રેન ચુકી ગયો છે!! એને જેને પ્રેમ કર્યો એ પ્રેમિકાઓ પરણીને ઠરીઠામ થઇ ચુકી છે.!!હવે સલમાનખાન એવું પ્લેટફોર્મ પર દુલ્હન ટ્રેન આવવાની સંભાવના રહી નથી.

સલમાનખાનને કરડ્યો. સાપ બિન ઝેરી હશે. એકાદ ઈન્જેકશન લઇને તેના કામે વળગ્યો હશે! પહેલી બાજુ સાપને સાપ સમાજના મોભીઓએ ખખડાવી નાંખ્યો. એક ઘર તો ડાકણ પણ છોડે છે. તને કરડવાની ખંજવાળ હતી તો કોઇ નેતાને કરડવું હતું ને!?આપણા સમાજના સભ્ય જેવાને કરડવાની જરૂર હતી?

પેલો સાપ હવે અસામાન્ય થઈ ગયો છે.

પણ મુશ્કેલી એ થઇ છે કે સાપ મેઇક અપ મેન, હેર સ્ટાઇલિસ્ટ,પર્સનલ સેક્રટરી, શોફર,જીમ, વેનિટીવેનની માંગણી કરે છે !! કેમેરા રોલ એકશન બોલાય પછી જ ઘરમાંથી નીકળે છે. કરડવાનું પેમેન્ટ બેનંબરી પૈસા કે હવાલાથી માંગે છે. મદારી પાસેથી સ્ક્રિપ્ટ સાંભળે છે. સાઇનિંગ એમાઉન્ટમા્ પાંચ સસલા કે દસ ઉંદર માંગે છે!! હવે પોતાને સલમાનખાન કહેવડાવનો આગ્રહ રાખે .હવે નાગણને જોઇને આ ગીત ફટકારે છે.''આજા શામ હોને આઇ ,મૌસમને લી અંગડાઇ તો કિસ બાત કી હૈ લડાઇ " અથવા અજાણી ખૂબસૂરત સાપણ સાથે ફલર્ટિંગ કરતા પૂછે છે કે 'હમ આપ કે હા કૌન??' લાગે છે કા ગમ કા ફસાના બન ગયા અચ્છા,સરકારને ( સાપ ને) આ કે મેરા હાલ તો પૂછા !!બિચારા સાપને હવે કોઈ કાળે મોક્ષ નહીં મળે

ભરત વૈષ્ણવ

૧૦,૧.૨૦૨૨.#હાસ્ય

કરીશ<br>
લો સખી કહે છે,<br>
ત્વરિત કરીશ.<br>
શરતને અધિન ,<br>
મહોબત કરીશ.<br>
સંમત નથી.દિલ,<br>
પરત કરીશ.<br>
નકારમાં વાર શેની?<br>
તરત કરીશ.<br>
બીજા સાથે ફરી,<br>
રમત કરીશ.<br>
ફાવશે ?નહીં તો,<br>
ગમ્મત કરીશ<br>
ભરત વૈષ્ણવ<br>
૯.૧૦.૨૦૨૩.# કાવ્ય

# લોકસભા ચૂંટણી પહેલા બસ પાસે એક્ટિવ માયાવતી ને દર અઠવાડિયે આપવી પડશે રિપોર્ટ

લખનૌ,તા.૯

ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ અને નગર પાલિકાની ચૂંટણીઓને લઈને ભાજપ સહિત વિપક્ષો પાર્ટીઓએ તૈયારી શરૂ કરી દીધી છે. બીએસપી પ્રમુખ માયાવતીએ પણ લખનઉમાં પાર્ટીની બેઠક બોલાઈ હતી. માયાવતીને પાર્ટીના કાર્યકર્તાઓ પાસેથી રિપોર્ટ લેવાનો નિર્ણય કર્યો છે માયાવતીને તમામ બીએસપી હોદ્દેદારોએ એક અઠવાડીયામાં કરેલી કામગીરીનો રિપોર્ટ આપવો પડશે.

બસપા પ્રમુખે તૈયારીઓને લઈને કાર્યકર્તાઓ પાસેથી રિપોર્ટ લેવાનો નિર્ણય કર્યો છે. બસપાના કાર્યકર્તાઓએ હવે દર અઠવાડિયે એક રિપોર્ટ તૈયાર કરવો પડશે જેમાં કોણે કેટલું કામ કર્યું તે અંગેની માહિતી આપવી પડશે. માયાવતીએ પાર્ટીના પદ્દાઅધિકારીઓને તમામ કોર્ડિનેટરરની સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. જેના આધારે તેમને મળેલા કામોની ગતિ અને સ્થાનિક રિપોર્ટની જાણકારી લેવામાં આવશે

સિપહસાલરોએ પદ્દાઅધિકારીઓએ પોતાના રિપોર્ટ બનાવતી વખતે ઘણી બાબતોનું ધ્યાન રાખવું પડશે. તેમણે રિપોર્ટમાં એક અઠવાડિયામાં કેટલા સભ્યો બનાવ્યા કેટલી બેઠક કરી અને તેમજ કેટલા યુવાઓને પાર્ટીમાં જોડિયા તેનો રિપોર્ટ આપવો પડશે.

# વિધવા દીકરીની જેમ જ વિધવા પુત્રવધુ પણ સરકારી નોકરીમાં અનુકંપાને લાયક, હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

અમદાવાદ,તા.૯

સરકારી નોકરી માટે હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપ્યો છે. જેને પગલે ઘણા કેસોમાં ફેરફાર થઈ જશે. રાજસ્થાન હાઈકોર્ટે અનુકંપા નિયુક્તિને લઈને મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. વિધવા પુત્રવધૂ (પુત્રવધૂ)ને પણ વિધવા પુત્રીની જેમ જ આશ્રિત માનીને નિમણૂક માટે લાયક ગણવામાં આવે... જસ્ટિસ સમીર જૈને સુશીલા દેવીની અરજી સ્વીકારતા આ આદેશ આપ્યો છે. અરજદારના એડવોકેટ સુનિલ સમદરિયાએ જણાવ્યું કે અરજદારની સાસુ પીડબલ્યુડીમાં કુલી તરીકે કામ કરતી હતી. ૨૦૦૭ માં કામ કરતી વખતે તેમનું અવસાન થયું.આ બાબતે તેમના પુત્ર અને અરજદારના પતિએ રહેમદાર નિમણૂક માટે અરજી કરી હતી. અરજદારના પતિનું પણ ૨૦૦૮માં આ અંગે કોઈ નિર્ણય લેવાય તે પહેલા જ અવસાન થયું હતું. જેને પગલે અરજદારે અનુકંપા નિમણૂક માટે અરજી કરી હતી, પરંતુ વિભાગે ૧૯ માર્ચ ૨૦૦૯ ના રોજ એક પત્ર દ્વારા અરજદારને આશ્રિત માનવાનો ઈનકાર કરતા આ નિમણૂક આપવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે આ નિમણૂકના નિયમો આશ્રિત સભ્ય માટે છે પરિવાર માટે નહીં એમ જવાબ મોકલ્યો હતો. અરજદાર અને તેના સ્વર્ગસ્થ પતિ તેમના ત્રણ બાળકો સાથે આર્થિક રીતે તેમના સ્વર્ગસ્થ સાસુ પર નિર્ભર હતા.આવી સ્થિતિમાં, નિયમો અનુસાર અરજદાર આશ્રિતની શ્રેણીમાં આવે છે અને અનુકંપાયુક્ત નિમણૂક માટે હકદાર છે.

# ગુરુગ્રામમમાં ભીષણ આગને કારણે ૨૦૦ ઝૂંપડપટ્ટી બળીને રાખ થઈ ગઈ

ગુરૂગ્રામ,તા.૯

ગુરુગ્રામમમાં સોમવારે ભીષણ આગ ફાટી નીકળ્યા બાદ સેંકડો પરિવારોએ તેમનો આશ્રય ગુમાવ્યો હતો. સેક્ટર ૪૯ના ઘસૌલા ગામમાં લાગેલી આગમાં ૨૦૦થી વધુ ઝૂંપડીઓ બળીને ખાખ થઈ ગઈ હતી. આ દરમિયાન ઘણા સિલિન્ડર પણ ફાટ્યા. ડઝનેક લોકો દાઝી ગયા છે. કડકડતી ઠંડીમાં ઘર આંચકી લેવાના કારણે અને તમામ વસ્તુઓ બળીને રાખ થઈ જવાના કારણે અહીં રહેતા લોકોની હાલત ખરાબ છે.સોમવારે બપોરે સેક્ટર-૪૯માં ઘસૌલા ગામ પાસે ખાલી જગ્યામાં બનેલી ઝૂંપડપટ્ટીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઝૂંપડપટ્ટીમાં રાખવામાં આવેલા નાના ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થવાને કારણે આગ ઝડપથી વધવા લાગી. થોડી જ વારમાં ૨૦૦ ઝૂંપડીઓ બળીને રાખ થઈ ગઈ અને સેંકડો પરિવારો બેઘર બની ગયા. ફાયર બ્રિગેડની ટીમે આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ૨૦૦થી વધુ ઝૂંપડીઓ રાખમાં ફેરવાઈ ગઈ હતી.

ઘરને સળગતું જોઈ પરિવારજનોની હાલત કફોડી બની ગઈ હતી અને અનેક લોકોની રોજીરોટી આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી. કડકડતી ઠંડીમાં લોકોના ઘરો છીનવાઈ જવાના કારણે પરેશાનીઓનો પહાડ તૂટી પડ્યો છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# એમસીએક્સ પર કપાસના વાયદાના ભાવમાં ૨૦ કિલોદીઠ રૂ.૨૭.૫૦ની નરમાઈ

### નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદામાં તેજી સાથે થયોઃ નેચરલ ગેસ, મેન્થા તેલમાં પણ સુધારાનો સંચારઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૫૬૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧,૬૨૨ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૨૫ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૯,૪૯૧ સોદાઓમાં કુલ રૂ.૧૯,૨૧૦.૨૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૫૬૩.૪૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧૬૨૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૦૪૭ સોદાઓમાં કુલ રૂ.૩,૬૮૦.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૧૭૫ અને નીચામાં રૂ.૫૫,૮૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૪ વધી રૂ.૫૬,૦૧૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૩૭ વધી રૂ.૪૪,૭૫૩ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૮ વધી રૂ.૫,૫૩૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫,૯૫૨ના ભાવે ખૂલી, રૂ.૨૯૧ વધી રૂ.૫૫,૯૧૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૮૩૫ અને નીચામાં રૂ.૬૯,૩૯૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૦ વધી રૂ.૬૯,૪૩૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૯૭ વધી રૂ.૬૯,૪૧૩ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૯૫ વધી રૂ.૬૯,૪૧૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૫૪૨ સોદાઓમાં રૂ.૨,૨૨૬.૫૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૯૦ વધી રૂ.૨૦૮.૭૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૭.૯૫ વધી રૂ.૨૭૯ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૬.૦૫ વધી રૂ.૭૪૯.૮૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૧૯૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૯,૯૮૦ સોદાઓમાં કુલ રૂ.૧,૬૪૪.૨૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૧૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૧૯ અને નીચામાં રૂ.૬,૧૬૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૫૭ વધી રૂ.૬,૩૦૬ બોલાયો હતો, જયારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૪૦ વધી રૂ.૩૨૬.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨૭૨ સોદાઓમાં રૂ.૧૨.૫૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૨૭.૫૦ ઘટી રૂ.૧,૬૫૨.૫૦ બોલાઈ રહ્યો હતો, જ્યારે મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૮.૫૦ વધી રૂ.૧૦૭૪.૮૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૯૫૫.૮૨ કરોડનાં ૩,૪૮૨.૪૨૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૭૨૪.૨૨ કરોડનાં ૨૪૭.૪૦૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૮૮.૫૪ કરોડનાં ૧૪,૧૯,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૭૫૬ કરોડનાં ૨,૩૬,૮૦,૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૨.૫૦ કરોડનાં ૧૧૬.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૮૩૪.૧૫૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૨૪.૨૯૨ ટન, ક્રૂડ તેલમાં ૯,૦૫,૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪૪૬૯૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૫૦૦.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૨૪.૭૫ કરોડનાં ૩૧૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૬૧૨ના સ્તરે ખૂલી, ૬૮ પોઈન્ટ વધી ૧૫,૫૯૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧,૬૨૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૧૩૩.૦૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૫.૦૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮,૬૮૨.૫૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૬૭૫.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૫૨.૫૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૦૯.૬૦ અને નીચામાં રૂ.૬૯ રહી, અંતે રૂ.૨૮.૮૦ વધી રૂ.૧૦૨.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૭.૬૦ અને નીચામાં રૂ.૧૩.૯૫ રહી, અંતે રૂ.૨.૪૫ વધી રૂ.૧૭.૩૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૭ ખૂલી, ઊપરમાં રૂ.૫૧૪ અને નીચામાં રૂ.૪૦૭ રહી, અંતે રૂ.૧૨૦.૫૦ વધી રૂ.૪૪૭ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૩૭ ખૂલી, ઊપરમાં રૂ.૨,૦૬૬ અને નીચામાં રૂ.૧,૮૮૧.૫૦ રહી, અંતે રૂ.૨૨૨.૫૦ વધી રૂ.૨,૦૧૨.૫૦ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૫ અને નીચામાં રૂ.૩૫૧ રહી, અંતે રૂ.૧૧૬.૫૦ વધી રૂ.૪૨૩.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૬.૬૦ અને નીચામાં રૂ.૧૩૩.૬૦ રહી, અંતે રૂ.૮૪.૮૦ ઘટી રૂ.૧૩૮.૨૦ થયો હતો. જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૦.૫૦ અને નીચામાં રૂ.૧૧૭ રહી, અંતે રૂ.૬૩.૫૦ ઘટી રૂ.૧૪૧ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૪.૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૭.૪૫ અને નીચામાં રૂ.૧૨.૭૫ રહી, અંતે રૂ.૪.૦૫ ઘટી રૂ.૧૩.૧૫ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૫૪ અને નીચામાં રૂ.૨૪ રહી, અંતે રૂ.૨.૫૦ વધી રૂ.૪૩ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૩૪૬ ખૂલી, ઊપરમાં રૂ.૨,૫૦૯.૫૦ અને નીચામાં રૂ.૨,૨૩૨ રહી, અંતે રૂ.૧૯૯ ઘટી રૂ.૨,૪૭૨.૫૦ થયો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




N.O.G સાહિત્ય સરિતા
NOG SS No:
પ્રકાર : પદ્ય
વિષય,,, તૃષ્ણા કે તૃપ્તિ ?
શીર્ષકઃ છે તૃષ્ણા જીવન સંગાથી

તૃષ્ણા તારે, તૃષ્ણા મારે, તૃષ્ણા ચગડોળે ચડાવે,
તૃષ્ણા વિન નહી પ્રાણી, તૃષ્ણા જગત ઘુમાવે
સતિ સીતા મન તૃષ્ણા જાગી, મૃગ સિંગ પર મોહે,
કંચન વરણી કાયાને તૃપ્તિ મોહ અકળાવે
પુત્ર પ્રેમ અતિરેક માં , તૃષ્ણા કૈકયી ઉર જાગે,
રામ વનમાં વિચરે, મમ ભરત ગાદી સોહાવે
તૃષ્ણાની થાય નહી તૃપ્તિ કદી , ભલે હોય કાળ આદિ અનાદિ,
આજે મરે, કાલ જાગે, 'રાજ' છે તૃષ્ણા જીવન સંગાથી

રચના
રાજેશભાઇ એસ. વ્યાસ
કવિ શ્રી 'રાજ'
ધ્રુવનગર, મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NGO SS No 128
શબ્દ સરિતા.
વિષયઃતૃષ્ણા અને તૃપ્તિ
શીર્ષકઃમન
પ્રકારઃપદ્મ

કવિતા સારી લખાય તો થાય તૃપ્ત મન.
કાવ્યત્વ ઓછું હોય તો તુષ્ણામાં ટળવળે મન.
ક્યારેક ગઝલ લખાઈ જાય તો
તૃપ્તિનો ઓડકાર ખાય મન.
જીવનમાં બીજાનાં માટે જીવવાની તૃષ્ણામાં ફરે મન.
કોઈનું સારું કરવાનું નિમિત્ત બનીએ તો તૃપ્ત થાય મન.
જિજીવિષાનો નથી અંત
તેવુ વિચારે મારું મન.
તૃપ્ત થઈ પ્રભુ સમીપ જવાય
તુષ્ણામાં પ્રભુના દર્શન ન કરે મન.
હવે તો તૃપ્ત થઈને જ રહેવું.
તેવું કહે મારું મન

કિર્તી પારેખ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG સાહિત્ય સરિતા
NOG SS No: 120
શબ્દ : તૃષ્ણા અને તૃપ્તિ
પ્રકાર : પદ્ય (અછાંદસ)
શીર્ષક : તૃષ્ણા જાગી
શબ્દો : ૮૦

તૃષ્ણા જાગી

કુપોષિત બાળકો જોઈને મને તૃષ્ણા જાગી,
મારા ગામના બાળકો જોઈ મને તૃષ્ણા જાગી.
અમૃત મહોત્સવના દિવસે મારા બાળકો સાથે,
સરહદ શર કરવા મને મારા મનમાં તૃષ્ણા જાગી.
સ્વયં નિર્ણય કરી સુપોષિત બાળકો કરવા સારુ,
સ્વખર્ચે પોષણક્ષમ બાળક બનાવા તૃષ્ણા જાગી.
સુઈગામ આંતરરાષ્ટ્રીય ભારત-પાકિસ્તાન બોર્ડરે,
સૈનિકોને હસ્તે શુભારંભ કરાવા તૃષ્ણા જાગી.
મારા ગામમાં કોઈ બાળક કુપોષિત ન રહે,
પોષણક્ષમ ખોરાક આપવા મને તૃષ્ણા જાગી.
મારા મનની મહેચ્છા પુરી કરવા તત્પર રહીશ,
'રમા' ને મન સૌ તૃપ્ત થાય એવી તૃષ્ણા જાગી.

ડૉ રમીલાબેન ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NGO SS 140
શબ્દ સરિતા
વિષયઃ તૃષ્ણા અને તૃપ્તિ
શિર્ષકઃ કૃષ્ણપ્રિયા
પ્રકારઃ પદ્ય અછાંદસ

તૃષ્ણા ?કે તૃપ્તિ ?
સિક્કાની બે બાજુ તૃષ્ણા ને તૃપ્તિ ..પરસ્પર..
તૃષ્ણા હોયતો તૃપ્તિની અંતરમનમાં આશ..
તૃષ્ણા ભૌતિક સુખની,
તૃપ્તે તૃપ્તે ઉદ્ભવે..
તૃષ્ણા મૃગ તણી રણે ના સંતોષાય..અંતે પ્રાણ લઈને જાય..
તૃષ્ણા પ્રભુને પામવાની મીરા કૃષ્ણપ્રિયા બની જાય..

હેમા ત્રિવેદી
કૃષ્ણપ્રિયા..
બરોડા હાલ અમદાવાદ .૯--૧--૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 0050
વિષય- તૃષ્ણા અને તૃપ્તિ પ્રકાર - પદ્ય મૌલિક
તા - ૯/૧/૨૦૨૩.

.....................................

અતૃપ્તિનો ઓડકાર કેવો..? આવનારી બધી પરિસ્થિતિ ,
હમણાં તો ભાવિના ગર્ભમાં વસે છે..!
આજે જાણે મતિ સુન્ન બની છે..!
કંઈક ચૂંથાઈ જવાનાં ,
કંઈક લૂંટાઈ જવાનાં..!
ઠંડે કલેજે રહેસાઈ જાય સપનાંઓ..!
કત્લ થવાનાં અરમાનો..!
લુંટાઈ જવાના એષણાઓ..!
નિઃ સહાય થઈ જાતી મારી અનેક તૃષ્ણાઓ ...!
ચડી જજે સુડી પર એકલી.!
ને તરસી રહે તૃષ્ણા ઓલવાઈ જાય એ પહેલાં તો..!
હૃદયનાં સ્પંદનોનો ઝંઝાવાત જગાડે કેવો..?
ક્યાં ઘોર અંધારી રાતમાં એક આશાનો દીપ પ્રગટાવી તૃપ્તિ નો ઓડકાર કરાવે.!
તૃષ્ણા ના મૃગજળમા તૃપ્તિનો સ્પર્શ થતાં..!
જિંદગીને વધુ સોહામણી બનાવતા તૃષ્ણા ના સહારે...!
નમે છે એ ગમે છે સદાય..!
સમય સાથ આપે તો ક્ષણે ક્ષણની કિંમત સમજવી..!
વિધાતાના લેખ પણ ક્યાં ફરે છે કદી...!
સમયના ભારથી જિંદગી જોને વળી ગઈ ..!
જાણે તૃપ્ત, સંતૃપ્ત ને પાછું મૌન...!
શ્વાસમાં પણ છે વેદનાં જિંદગીની...!
બધી વિપદાઓની વચ્ચે તૃષ્ણા વધતી જાતી દરરોજ..!

રાગીની શુક્લ 'રાગ'..મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOG SS NO-* 0088
વિષય- તૃષ્ણા અને તૃપ્તિ
પ્રકાર- પદ્ય
શીર્ષક- ચિરંજીવ તૃષ્ણા અને તૃપ્તિ
નામ- ડૉ. મનીષા વ્યાસ

સોના જેવો કાયમ સૂરજ ધખેલો,
મૃગતૃષ્ણાનો વિશાળ અગન ગોળો!
આવી બેસે પ્રાતઃ ધરતીની ખોળે,
તૃષ્ણા પીતો નિજ સવારના પહોરે..
ધરતી ખૂબ ધખતી છતાંય પંપાળે!
ચાહત બેઉની સૌ સદીઓથી જાણે..
આપી તાપી પરસ્પરનો પ્રેમ માણે,
એકમેકનાં મનના ભરમ બઉ જાણે..
વિપત્તનાં વાદળ ઢાંકવા એને આવે,
શાણો વાયુ વંટોળ ફૂંકી ટાઢાંય કરે..
મોકલી મેઘો મોંઘો વ્હાલ વરસાવે!
ક્યારેક ખીજે તો સાવ તરસી મારે..
થઈ તૃપ્ત ધરણી હોંશે ગર્ભને ધારે,
લીલુડી ધરા બાળ પોષી ધવરાવે..
વસ્તાર નીરખી આંખો મચકાવે,
મૂછોને પંપાળી વટે વળ ચઢાવે..
રાત ઓઢીને એતો પગ લંબાવે;
ભરી બાથમાં ધરતીને લઈ સૂવે..
સૂતાં ભૂલકાંની ચંદ્રને ચોકી ભરાવે
રાખી ધાક રાત્રે નિશાચરો ડરાવે ..
જાણે તૃપ્ત બ્રહ્માંડ સમાધિ સેવે,
સવારે વિશ્વ પાછું ચઢતું ચગડોળે!
રવિ સંગ ભૂમિ તૃષા તૃપ્તિ ફંફોળે,
બેઉ રહેતાં આદમ ઈવમાં સજોડે.
સજીવ માત્રમાં ચિરંજીવ વસે સદેહે;
મરતાં લાશ પડતી પરવશના પનારે!
જ્યાં રાગ અનુરાગ છૂટે પલકારે..
ત્યાં તૃપ્તિ તરસને જાકારો આપે..

ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.: 130
વિષય - તૃષ્ણા કે તૃપ્તિ
પ્રકાર - ગદ્ય
શીર્ષક - તૃપ્તિનો ઓડકાર
શબ્દો - ૯૦૮
નામ - જાનકી સોની
શહેર - અમદાવાદ

તૃપ્તિનો ઓડકાર

અર્ણવ અને આરૂષિ સમાજની દ્રષ્ટિએ કહીએ તો બધી વાતે ખૂબ જ સુખી હતા અને તેમને ત્યાં દરેક વસ્તુની રેલમછેલ હતી. આરૂષિની કોલેજકાળની ખૂબ નજીકની સહેલી રિવા હતી અને રિવાના લગ્ન વ્યોમેશ સાથે થયા હતા અને જો કોઈ સરખામણી કરે તો કોઈને આંખે ચડી જાય તેવો તફાવત આરૂષિ અને રિવાના સુખી હોવા માટે થાય કારણકે આરૂષિની પાસે પૈસાનો વૈભવ હતો જે રિવાના જીવનમાં ક્યાંય પણ દેખાતો નહોતો.

રિવા અને વ્યોમેશ જ્યારે પણ આરૂષિના ઘરે જાય ત્યારે રિવાના મગજમાં એક વાતનો ખટકો રહેતો હતો કે પોતે આરૂષિ જેટલી પૈસે-ટકે સુખી નથી જ્યારે આરૂષિને એમ લાગતું હતું કે બધુ જ સુખ હોવા છતાં પણ તે સુખી નથી. રિવાના પતિ વ્યોમેશ એક પ્રાઈવેટ કંપનીમાં જોબ કરતાં હોવાથી અને ઓછો પગાર હોવાથી રિવાના હાથ હંમેશા દરેક ખર્ચા માટે બંધાયેલા જ રહેતા હોય તેવું રિવાને લાગતું હતું. રિવા હંમેશા વિચારતી કે પોતે આરૂષિની જેમ દરેક બાબતે મન મૂકીને ખર્ચો નથી કરી શક્તી જ્યારે આરૂષિને લાગતું કે તેની પાસે અઢળક સંપત્તિ હોવા છતાં પણ તેના જીવનમાં સુખની એક અધૂરપ છે. આરૂષિના પતિ અર્ણવનો બિઝનેસ ખૂબ સારો દેશ-વિદેશમાં જામેલો હોવાથી તે મોટા ભાગે બિઝનેસ ટ્રીપ પર બહારગામ જ રહેતો હતો અને તેના પરિણામરૂપે આરૂષિ દરેક જગ્યાએ એકલી પડી જતી હોય તેવી તેને કાયમ લાગણી થયા કરતી હતી. એક વખત આરૂષિ રિવાના ઘરે ગઈ તેને મળવા માટે અને અચાનક જ તેની નજર ઘર પર અલગ અલગ જગ્યાએ લાગેલા ફોટોગ્રાફ્સ પર પડી અને તેને જોયું કે ઘરના દરેક નાના મોટા પ્રસંગમાં રિવાની સાથે વ્યોમેશ દેખાય છે અને તેમના બાળકોનાં સ્કૂલનાં દરેક કાર્યક્રમમાં પણ બંને પતિ-પત્ની બાળકો સાથે દેખાય છે. આરૂષિના મનમાં અજાણતા જ એક નિઃશ્વાસ નખાઈ ગયો કારણકે તેના ઘરમાં દરેક નાના-મોટા પ્રસંગમાં અર્ણવની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી. ઘરમાં આવનાર દરેક મહેમાનો અર્ણવ કેમ હાજર નથી તેવો સવાલ કરતાં રહેતા હતા અને આરૂષિ કહેતી કે અર્ણવ બિઝનેસના કામ અર્થે બહાર હોવાથી ઘરે હાજર રહી શક્યો નથી પરંતુ મનોમન તે ખૂબ જ દુઃખ અનુભવતી હતી કે અર્ણવ થોડો પણ સમય કાઢીને ના આવી શકે? આરૂષિ જ્યારે પણ અર્ણવ ઘરે હોય ત્યારે તેને ખૂબ સમજાવતી કે તેણે ઘરમાં ઉજવાતા દરેક પ્રસંગમાં તથા બાળકોના સ્કૂલનાં દરેક કાર્યક્રમમાં હાજરી આપવી જોઈએ પરંતુ અર્ણવ તેની વ્યસ્તતા તેમ જ બિઝનેસની કોઈ પણ નાની મોટી ડીલ તે ગુમાવવા માગતો નથી એવું કહીને આરૂષિની વાતને ઉડાવી દેતો હતો. આરૂષિના બાળકો પણ આરૂષિને હંમેશા ફરિયાદ કરતાં રહેતાં કે સ્કૂલમાં તેમની સાથે તેમનાં ક્લાસમાં ભણતાં દરેક બાળકોનાં માતા-પિતા સ્કૂલના દરેક કાર્યક્રમમાં હાજરી આપે છે જ્યારે પપ્પા ક્યારેય સ્કૂલમાં હાજરી આપતાં નથી. આરૂષિ પોતાના બાળકોની ફરિયાદ સારી રીતે સમજતી હોવા છતાં પણ બાળકોને બીજા કોઈ બહાના બતાવીને સમજાવતી હતી. આરૂષિ જ્યારે રિવાના ઘરેથી પોતાના ઘરે પાછી ફરી ત્યારે તેને એ વાતનો અહેસાસ થયો કે અતિ વૈભવ હોવા છતાં પણ તે સુખી નથી જ્યારે રિવા પાસે સામાન્ય સુખ-સગવડ હોવાં છતાં પણ તે ઘણી સુખી છે.

આરૂષિ પોતે ખૂબ સારું કથક નૃત્ય કરતી હતી અને પોતાની એકલતા દૂર કરવા તે કથક નૃત્યની નિયમિત પ્રેક્ટિસ કરવાં જતી હતી અને એક દિવસ તેના કથક નૃત્ય માટે એક મોટો સ્ટેજ શો યોજાયો હતો. આરૂષિની એક જ ઈચ્છા હતી કે અર્ણવ ભલે ગમે તેટલો વ્યસ્ત હોય પરંતુ આરૂષિનો સ્ટેજ શો જોવા તે અચૂક આવે અને આરૂષિએ અર્ણવની આગળ રીતસરની જીદ પકડી હતી કે તે સ્ટેજ શોમાં હાજર રહે અને આ વખતે અર્ણવે પણ ખાતરી આપી કે તે જરૂરથી આરૂષિના સ્ટેજ શોમાં હાજર રહેશે. જે દિવસે સ્ટેજ શો હતો એ દિવસે આરૂષિનો ઉત્સાહ ક્યાંય સમાતો નહોતો અને તેને એક જ વાતની ખુશી હતી કે અર્ણવ તેના સ્ટેજ શોમાં હાજર રહેશે. સ્ટેજ શો શરૂ થવાના સમય નજીક હતો પરંતુ અર્ણવ ક્યાંય દેખાતો નહોતો અને છતાં પણ આરૂષિના મનમાં એક ધરપત હતી કે શો પૂરો થયા પહેલા તો અર્ણવ જરૂરથી આવશે. સ્ટેજ પર નૃત્ય કરતાં કરતાં આરૂષિની આંખો અર્ણવને શોધતી રહી પણ અર્ણવ ક્યાંય દેખાયો નહીં. જેવો સ્ટેજ શો પૂરો થયો કે આરૂષિએ અર્ણવને ફોન કરીને જાણવાની કોશિશ કરી કે અર્ણવ કેમ ના આવ્યો અને અર્ણવએ આરૂષિને ફોન પર કહ્યું કે તે આવવા માગતો હતો પરંતુ છેલ્લી ઘડી એ ખૂબ મોટી બિઝનેસ ડીલ મળી જેને તે કોઈ પણ સંજોગોમાં ગુમાવવા માગતો નહોતો અને તેથી જ તે ના આવી શક્યો તો આટલું સાંભળ્યા બાદ આરૂષિ પોતાના પર કાબૂ ના કરી શકી અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી. સ્ટેજ શો પૂરો થઈ ગયા બાદ આરૂષિના મિત્રમંડળમાં આવેલા લોકો તેને અભિનંદન આપવા બેક-સ્ટેજ પર ગયા પરંતુ આરૂષિનું મન ખૂબ જ ભરાઈ ગયું હતું અને તેને લાગતું હતું કે તે હાલ જ બધાની સામે રડી પડશે. આરૂષિએ પરાણે હસતું મોઢું રાખીને સૌના અભિનંદન સ્વીકાર્યા'. બધા મિત્રો ગયા બાદ સૌથી છેલ્લે રિવા અભિનંદન આપવા માટે આરૂષિને મળવા આવી અને તેને ભેટી પડી અને કહ્યુંકે આરૂષિ તું દરેક વાતે કેટલી સુખી છો તો આરૂષિએ કહ્યું કે ના રિવા ના, સુખી તો તું છે અને મારી પાસે બધું હોવા છતાં પણ હું સુખી નથી અને રિવા પ્રશ્નાર્થભરી નજરથી આરૂષિને જોઈ રહી તો આરૂષિ એ કીધું કે રિવા, અમારી પાસે આટલી બધી સંપત્તિ હોવાં છતાં પણ અર્ણવની વધુ પૈસા કમાવાની તૃષ્ણા પૂરી થતી જ નથી અને તેના પરિણામરૂપે તે આરૂષિ તથા તેના બાળકોને સમય નથી આપતો અને ઘરનાં કોઈ પણ પ્રસંગમાં તેની હાજરી નથી હોતી અને આરૂષિ રિવાની સામે જ રડી પડી ત્યારે રિવાને પહેલી વખત અહેસાસ થયો કે તે અત્યાર સુધી આરૂષિ સાથે પોતાના સુખની સરખામણી કરતી હતી પરંતુ હકીકતમાં તો આરૂષિ બધું જ હોવા છતાં પણ કેટલી દુઃખી છે અને પોતાની પાસે આરૂષિ જેટલો વૈભવ અને સંપત્તિ નથી પરંતુ તેના પતિનો સાથ દરેક જગ્યાએ છે અને તે ઘણી સુખી છે એ વાસ્તવિકતાનું ભાન થતાં જ તેના મનમાં પરમ તૃપ્તિનો ઓડકાર આવ્યો અને તે મનોમન બોલી કે વધુ પડતી ઈચ્છા કે તૃષ્ણા હંમેશા માણસને દુઃખી જ કરે છે પરંતુ જે માણસ તૃષ્ણા અને તૃપ્તિનો ભેદ સમજી જાય છે તે ક્યારેય દુઃખી થતો નથી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No. -0034
વિષય : તૃષ્ણા કે તૃપ્તિ
વિભાગ.: ગદ્ય (વાર્તા)
શીર્ષક : ત્યાગીને ભોગવી જાણે
શબ્દ સંખ્યા : ૪૬૫

'તૃષ્ણા અસંતોષ છે જ્યારે તૃપ્તિ પરમ સંતોષ છે. મર્કટ મન ઉછાળા મારતું રહે છે. જલકમલવત્ રહેવું એ સાચો સાધુ ધર્મ છે. માનવીને જીવનમાં આધ્યાત્મિક બળ આંતરિક તૃપ્તિથી જ મળે છે.તમે તમારાં કાર્યમાં સંતોષ રાખી શકો તો મૃગજળ જેવી તૃષ્ણા ક્યારે તમને પરેશાન નહીં કરી શકે.'

સ્વામી શ્રી પરમાનંદ શિષ્યવૃંદ સમક્ષ તૃષ્ણા અને તૃપ્તિનો કાર્યકારણનો સંબંધ સમજાવતાં હતાં.ત્યાં એક શિષ્ય બોલ્યો,×આપે તેથી જ ગાદીપતિનાં અધિકારનો ત્યાગ કર્યો ને ગુરુજી? સ્વામી પરમાનંદના ચહેરા પર સંતોષનું સ્મિત ઝળહળી રહ્યું હતું. ત્યાં બીજો શિષ્ય કહેવા લાગ્યો, મઠાધિપતિની ગાદી માટે સર્વદા તમે જ યોગ્ય હતા ગુરુજી.અચલગીરી સ્વામી તો માત્ર ને માત્ર સત્તા અને સંપત્તિમાં જ રસ છે.

સ્વામી પરમાનંદ બોલ્યા,' તેં કેવી રીતે જાણ્યું? સાધુજનને સંપત્તિ અને સત્તાનો મોહ ન હોય વત્સ. ત્યાગ કરીને પણ તૃપ્તિ નો ઓડકાર ખાઈ શકે એ જ સંત કહેવાય. તમે આ કેડી પર હજુ નવાં છો તેથી ચિત્તમાં નકામા વિચારો આવે છે'

શિષ્યો ગુરુજીની વાત સાથે સહમત નથી થતાં. તેમને મન તો ગુરુ વિશેષ આદર અને અધિકારને યોગ્ય હોવા છતાં શા માટે ત્યાગ કરે છે એ જ નથી સમજાતું!

આ ગોષ્ઠિ ચાલતી હતી એ દરમિયાન એક શિષ્ય દોડતો આવ્યો અને કહ્યું,' આજે સાંજે સ્વામી અચલગીરી આપણા આશ્રમમાં પધારશે.'

બધાં શિષ્યો એકબીજાનાં ચહેરા સામે જોઈ રહ્યાં અને અંદરો-અંદર ચર્ચા કરવા લાગ્યાં કે, આ શઠ હવે શું લેવા આવતાં હશે?

સ્વામી પરમાનંદ ત્યાંથી ઊઠીને સાધના ખંડમાં આવ્યા. પરંતુ વિચારો,ઘોડાપૂરની જેમ અહીં પણ પીછો છોડતાં નથી.

સ્વામી અચલગીરી સામ,દામ,દંડ અપનાવીને આશ્રમનો તમામ વહીવટ પોતાને હસ્તક કરી,પોતે જ મઠાધિપતિ બની ગયાં હતાં.છતાંય એમને અસંતોષ રહેતો. એમને નિષ્ઠાવાન સ્વામી પરમાનંદ આંખમાં કણાંની જેમ ખૂંચતાં હતાં.નાનાં આશ્રમમાં સુખી સ્વામી પરમાનંદને તેઓ જોઈ ન શકતાં.

સ્વામી અચલગીરીનાં નકારાત્મક વિચારોથી પીછો છોડાવવા સ્વામી પરમાનંદ સમાધિમાં બેઠાં,પરંતુ આજે સાધના પણ સાધ્ય બનીને કામ ન આવી. પૂજનીય ગુરુજીની યાદ આવતાં એમની આંખોમાંથી ગંગા જમના વહી રહી હતી. એક સાધુજનને શું આ બધું શોભે?

તેમણે મનોમન નક્કી કરી લીધું કે,સાંજે સ્વામી અચલગીરીને આ નાનાં આશ્રમનું સુકાન પણ સોંપીને પોતે અહીંથી દૂર ચાલ્યાં જશે.જીવનમાં નાનકડી તૃષ્ણા પણ હવે કેમ? તેમનું મન ગુરુજીને ઝંખી રહ્યું હતું.

સાંજે સ્વામી અચલગીરી એમનાં શિષ્યવૃંદ સાથે પધાર્યા.તેમના મુખ પર મઠાધિપતિનું તેજ નહોતું. તેઓ કંઈક અસમંજસમાં દીસતાં હતાં. તેમને આસન પર બેસાડી સ્વામી પરમાનંદજીએ હળવેકથી પૂછ્યું,'અહીં આવવાનું ખાસ પ્રયોજન, સ્વામીજી?'

શિષ્યોને આશ્રમ જોવાને બહાને મોકલી સ્વામી અચલગીરી હળવેથી સ્વામી પરમાનંદજીના ચરણોમાં બેસી ગયાં અને અશ્રુઓથી તેમનાં ચરણો પર અભિષેક કરતાં રહ્યાં. તેમના આ વર્તનથી ડઘાયેલાં સ્વામી પરમાનંદજીએ એમને ઉભા કર્યા અને છાતી સરસા ચાંપીને બોલ્યા,' શું થયું?'

આડી-અવળી વાત કર્યા સિવાય તેઓ બોલ્યા,'તમે જ આશ્રમનાં સાચા અધિકારી છો, ગાદીપતિ છો.મેં તમને ખૂબ અન્યાય કર્યો છે.તમે મઠાધિપતિનું સ્થાન શોભાવો.'

સ્વામી પરમાનંદે આછેરું સ્મિત કરીને કહ્યું,'હું કાલે સવારે અહીંથી હિમાલય ભ્રમણ માટે નીકળીશ.કેટલાંય સમયથી હિમાલય મને સાદ પાડીને બોલાવે છે.હવે એ સમય આવી ગયો છે.'

બીજાં દિવસે સૂર્યોદયની પહેલાં જ એમણે હિમાલય ભણી પ્રયાણ કર્યું.

'ત્યાગીને ભોગવી જાણે એ જ સાચો સંત.'

--ડૉ.રેખા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 139
વિષય - તૃષ્ણા કે તૃપ્તિ
પ્રકાર - ગધ
શબ્દસંખ્યા - ૪૦૦
શિર્ષક - તૃષ્ણાના બહુવિધ સ્વરૂપો પર અવલંબિત તૃપ્તિ

તૃષ્ણા કે તૃપ્તિ? બીજા શબ્દોમાં કહીએ તો ઈચ્છા કે સંતોષ? તૃષ્ણામાં સમાયેલી તૃપ્તિ કે અતૃપ્તિ માનવીય આંતરમન સાથે સહજપણે જોડાયેલાં ભાવો ને પ્રતિક્રિયા છે. બાળક તરીકે જન્મે ત્યારથી જ માનવજીવનમાં તૃષ્ણાઓ ક્રમશઃ વણાતી જાય, જેનો આજીવન કોઈ અંત નથી.

તૃષ્ણાઓ બહુવિધ સ્વરૂપે હોઈ શકે. માનવી પોતાની તૃષ્ણાઓને વિવેકર્પૂણ ઢબે, નિષ્ઠાપૂર્વક મહેનતના માર્ગે વાળી શકે તો તે અવશ્ય સફળતાનાં સોપાન સર કરી પરમ સુખ-સંતોષની તૃપ્તિની અનુભૂતિ કરી શકે. એ જ ઈચ્છાઓનું ઝનૂન જો અનીતિ ને અધર્મનાં રસ્તે જાય તો માનવીને ચોક્કસપણે દુઃખના પંથે દોરી જાય.

ઈતિહાસમાં નજર કરીએ તો આવી વિવિધ તૃષ્ણાઓ અને તેનાં હકારાત્મક તેમ જ નકારાત્મક પરિણામોનાં અનેકવિધ દ્રષ્ટાંતો સાંપડી શકે. મોગલ સામ્રાજ્ય પહેલાનાં શાસકો, મોગલ શાસકોથી લઈને બ્રિટિશ શાસકો ની સત્તા અને ધન પ્રાપ્ત કરવાની વિનાશક, નકારાત્મક તૃષ્ણાઓના કારણે આપણાં દેશ અને દેશની પ્રજાએ ઘણુંબધું ગુમાવવું પડ્યું. એની સામે મહારાણી લક્ષ્મીબાઈ, મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી મહારાજથી લઈને મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, બાળ ગંગાધર તિલક, લાલા લજપતરાય, વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, મંગલ પાંડે, વીર સાવરકર જેવાં અનેક નામી અનામી શહીદોની દેશ માટે જીવન ન્યોછાવર કરવાની અપ્રતિમ સકારાત્મક તૃષ્ણાઓએ દેશને બચાવી લઈ અખંડ ભારતની સ્થાપના કરવાનું સ્વપ્ન સિધ્ધ કર્યું. આજે આપણે સૌ આઝાદ લોકશાહીમાં જે મુક્તિનો શ્વાસ લઇ રહ્યાં છીએ તે આ વીરલાંઓની હકારાત્મક તૃષ્ણાઓનાં ઝનૂનને આભારી છે.

માનવીની સર્વસ્વ ઈચ્છાઓ પરિપૂર્ણ થઇ જાય, સંપૂર્ણ ભૌતિક સુખ પ્રાપ્ત કરી લે એ પછી પણ તેમાં જીવનમાં જો તૃપ્તિ કે સંતોષ ના હોય તો તે આમર્યંત તૃષ્ણાઓનાં આ ચક્રવ્યૂહમાંથી બહાર ના આવી શકે. દરેક માનવીએ પોતાના જીવનના ચક્રવ્યૂહને પોતે જ ભેદવો રહ્યો. જીવનમાં વિવિધ તબક્કે ઈચ્છાઓને નાથવી પડે અને એને સંતોષના દાયરામાં લાવવી પડે.

ટૂંકમાં માનવી પોતાની તૃષ્ણાઓને હકારાત્મક સ્વરૂપ આપી શકે તો જ સિધ્ધિ પામી તૃપ્તિનો અનુભવ કરી શકે. નકારાત્મક તૃષ્ણાઓ ક્યારેય માનવીને તૃપ્તિ કે સંતોષનો ઓડકાર ના આપી શકે.

આમ તૃપ્તિની પરિપૂર્ણતાનું સંપૂર્ણ અવલંબન તેના હકારાત્મક કે નકારાત્મક સ્વરૂપમાં જ સમાવિષ્ટ છે. માનવીએ નક્કી કરવાનું છે કે તે કયો માર્ગ અપનાવશે? કહેવત છે ને કે ,

" સંતોષી નર સદા સુખી! "

રત્ના જરીવાલા.(વિદૂષી)
( મુંબઈ)



આજરોજ અમદાવાદ મેનેજમેન્ટ એંકલેવ ખાતે જાણીતા પત્રકાર બિલાડી રમેશ તન્ના તેમજ અવની તન્ના આયોજિત સેલ્યુટ ઇન્ડિયા એવોર્ડ ૨૦૨૩ સમારંભમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ તેમજ અનેક નામચીન સાહિત્યકારો પત્રકારોને મળવાનું થયું જેમાં વિદેશમાં વસતા અને સેવા ધર્મ સાથે જોડાયેલા વ્યક્તિઓને એવોર્ડ આપવામાં આવ્યો આ કાર્યક્રમમાં અમોને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મળતા મહાનુભાવોને મળવાનો એક વિશેષ આનંદ થયો.

# વડાપ્રધાન શ્રી મોદીની વિકાસયાત્રામાં મુસ્લિમ સમાજે યોગદાન આપી ભાજપના પ્રવાહોમાં ભળી જવું જોઈએ - અતુલભાઇ દીક્ષિત

મોડાસા ,

મોડાસા ખાતે ઘાંચી આરોગ્ય મંડળ સંચાલિત જનરલ હોસ્પિટલના ઉદ્ઘાટન તથા દાતા સન્માન સમારંભમાં ગુજરાત રાજય ના અન્ન પુરવઠા મંત્રી ભીખુસિહ પરમાર ના મુખ્ય મહેમાન પદે તથા પ્રમુખશ્રી કાળુભાઈ વકીલના અધ્યક્ષ સ્થાને તેમજ ભારતીય જનતા પાર્ટીના પૂર્વ સંગઠન મંત્રી અને ભારત સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિત તથા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેનના અતિથિ વિશેષ પદે યોજાયો. મંત્રીશ્રી ભીખુ સિંહ પરમાર એ જણાવ્યું કે હોસ્પિટલના કામકાજમાં સરકાર દ્વારા જે કોઈ મદદરુપ થવાય તેવું હોય તો મારા ધ્યાને મૂકશો તો હું તેમાં સત્વરે




મદદરૂપ બનીશ. જ્યારે ભાજપના પીઢ કાર્યકર્ત અતુલભાઈ દીક્ષિતે જણાવ્યું કે હું આરએસએસનો સ્વયંસેવક છું અને ભારતીય જનતા પાર્ટીમાં સંગઠન મંત્રી તરીકે ખૂબ સારી સેવાઓ આપી છે. મોડાસાના મુસ્લિમ સમુદાય સાથે ઘનિષ્ઠ નાતો ધરાવું છું. તેથી આજે સમગ્ર મુસ્લિમ સમુદાયને જણાવું છું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી દેશને મજબૂત કરવા માટે એક મોટી વિકાસયાત્રા લઈને ચાલી રહ્યા છે ત્યારે મુસ્લિમ સમાજને અળગા રહેવું જોઈએ નહીં અત્યારે ચાલી રહેલા ભાજપના પ્રવાહમાં ભળી જઈને વિકાસના કામોમાં ખભે ખભા મેળવી સહકાર આપવો જોઈએ. ભાજપથી દૂર રહેવાથી તમને અને તમારી આવનારી પેઢીને મોટું નુકસાન તમે પહોંચાડી રહ્યા છો. તેથી ભાજપના રાષ્ટ્રીય પ્રવાહમાં આપ સૌએ અમારી સાથે આવી અને ભળી જવું જોઈએ.

આ કાર્યક્રમમાં ઘાંચી આરોગ્ય મંડળ હોસ્પિટલની સેવાઓનો વિસ્તાર કરી મોડ્યુલ ઓપરેશન થિયેટર ફિઝિશિયન્ છે સર્જીકલ લિફ્ટ દર્દીઓને સેવામાં કાર્ય કરવામાં આવી હતી. ૧૦૦ બેડની હોસ્પિટલમાં આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત કાર્ડ ધારકોને સારવાર પૂરી પાડવામાં આવે છે. સર્વોદય બેંકના પૂર્વ ચેરમેન શ્રી ઈકબાલ હુસેન ઈપ્રોલીયા એ બેક્નો સારો વહીવટ કર્યો તેમ જ બેંકની ખરાબ પરિસ્થિતિમાં પણ બેંકને બંધ થવા દીધી નહીં તે બદલ મંત્રીએ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ઈબ્રાહીમભાઈ બૂરા એ સમગ્ર કાર્યક્રમને ખૂબ સારી મહેનત કરી સફળ બનાવ્યો હતો. સંસ્થાના વરિષ્ઠ આગેવાનો મહંમદ ઈપરોલીયા, મહંમદ યુસુફ ટાઢા. ભાઈલા તથા દાહુદ ભાઈ પહોંચીયા નું સન્માન કરવામાં આવ્યું હતું.

જ્યારે સંસ્થાના માનદ મંત્રી અ. રહીમ ભાઈલા, ઉપપ્રમુખ ઈબ્રાહીમ બુરા, ડોક્ટર વસીમ સુથાર, સલીમ સાવલિયા, અશરફભાઈ પટેલ તેમજ ઈકબાલભાઈ એ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા. સમગ્ર મુસ્લિમ સમાજે કાર્યક્રમને આવકાર્યો હતો.

## ગુજરાત હાઈકોર્ટના વકીલ નિમિષ કાપડિયા દ્વારા ચાઈનીઝ દોરા અને તુક્કલનાં ગેરકાયદેસર વેચાણની જાણ મેળવવવા હેલ્પલાઈન શરૂ કરવા તથા પ્રતિબંધ અંગે જાગૃતિ લાવવા પ્રયત્નો થાય એવી અપીલ

### કોર્ટ દ્વારા સૂચનનો સ્વીકાર કરતાં હેલ્પલાઈન શરૂ કરવા સરકારને આદેશ

તા. ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ નામદાર ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ એ.જે. શાસ્ત્રીની કોર્ટમાં તા. ૦૬/૦૧/૨૦૨૩ ના રોજ ના હુકમ પ્રમાણે નિપુર્ણા તોરવણે સચિવશ્રી ગૃહ વિભાગ અને જોઈન્ટ પોલીસ કમિશનર અજય કુમાર ચૌધરી, અમદાવાદએ, બે અલગ અલગ સોગંદનામા રજૂ કરેલ. પોલીસ કમિશનરશ્રીના સોગંદનામામાં તેમણે કાચ પાયેલી દોરી, ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ તુક્કલ અંગે તા. ૧૫/૧૨/૨૦૨૨ ના રોજ જે જાહેરનામું બહાર પાડેલ તેની નકલ રજૂ કરી. ઉપરાંત ૧૬ ડિસેમ્બર પછી અમદાવાદમા તેમણે ૧૮૦ ફોજદારી કેસો દોરી અને તુક્કલ પકડાવવાના ગુના બાબત કર્યા છે. એવી જ રીતે ઓનલાઈન વેંચાણ કરતી મોટી કંપનીઓ જેવી કે Amazon, Meesho, Sonakite, Fashiondil, Indiamart, Bablakites, Jiomart, Snapdeal, Thekitemag, Buykitesonline, Flipkart ને CRPCની કલમ, ૯૧ હેઠળ લેખિતમાં તા. ૦૫/૦૧/૨૦૨૩ ના રોજ ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ દોરી, કાચ પાયેલી દોરી વગેરે અંગેના પ્રતિબંધની જાણ કરી. ઉપરાંત આ કંપનીઓ પાસે જે વ્યકિતઓએ આવી વસ્તુઓ ખરીદી હોય તે ખરીદનારના નામ, સરનામા, ફોન નંબર અને તેમણે કેટલી વસ્તુઓ ખરીદી કરી તેની વિગત માંગેલ છે. સાથોસાથ અમુક વિસ્તારના પોલીસ અધિકારીઓએ દોરીના વિક્રેતાઓ સાથે મિટિંગ કરી તેમણે આવા પ્રતિબંધવાળી દોરી, તુક્કલ ચગાવવા નહીં તેવી પણ સૂચનાઓ આપી છે. ડીજીપી એ આવા વપરાશ તથા વેચાણની




ખાનગી રીતે માહિતીઓ ભેગી કરી રેડ કરવા અને ગુનો દાખલ કરવા સૂચના આપી છે. આ ધંધાની સમગ્ર સપ્લાય ચેન એટલે કે ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને વપરાશ એ તમામની તપાસ કરી ગુના દાખલ કરી આરોપીઓની અટક કરી વિગતવાર ઊંડાણપૂર્વક તપાસ કરવા હુકમ કરેલ છે અને જો આ વસ્તુઓ રાજ્ય અથવા બહારના રાજ્ય કે વિદેશથી આયાત કરવામાં આવતા હોય તો કસ્ટમ, સેંટ્રલ એક્સાઈઝ, જીએસટી ઓથોરીટી સાથે પણ સંકલન કરવા સૂચના આપી છે. ઉપરાંત તાબાના તમામ પોલીસ અધિકારીઓએ પાસે, આવા ગેરકાયદે પ્રવૃત્તિ કરનાર સામે કરેલ કેસો તથા લોકોમાં જાગૃતિ લાવવા માટેના કરેલ પ્રયાસોની સંપૂર્ણ વિગતો મંગાવવામાં આવેલ છે. ઉપરાંત આવા પ્રતિબંધ અંગેના જાહેરનામા કુલ ૩૮ જિલ્લાઓમાં બહાર પાડેલ છે. જે ઓનલાઈન વેચાણ કરતી કંપનીઓ છે. તેમને એવી પણ સૂચના આપવામાં આવી છે કે આવી પ્રતિબંધિત વસ્તુઓનો માલ ગુજરાતમાં ડિલિવરી કરવો નહિ. ઉચ્ચ પોલીસ અધિકારીઓને વિક્રેતાઓની મુલાકાત લઈ આ પ્રતિબંધની જાણ કરવા સૂચના આપવામાં આવી છે અને તેમાં તમામ પીસીઆર વાન, પોલીસ પેટ્રોલ ટીમ, SHE TEAMS અને પબ્લિક એડ્રેસ સિસ્ટમને પણ આ ઝુંબેશમાં જોડવા સૂચના આપવામાં



એડવોકેટ નિમિષ કાપડિયા

આવી છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૮૭૯ ગુના રજીસ્ટર કર્યા છે.

આ અંતર્ગત નિમિષ મહેન્દ્ર કાપડિયા એડવોકેટે મુખ્યત્વે બે રજૂઆતો કરેલ જેમાં રાઉન્ડ ધી ક્લોક ટેલિફોન હેલ્પલાઈન સરકારે ચાલુ કરવી જેથી નાગરિકો આવી ગેરકાયદેસર પ્રવૃત્તિની પોલીસને જાણ કરી શકે. આ સૂચનનો કોર્ટ દ્વારા સ્વીકારતા સરકારને હુકમ કરેલ છે કે તા. ૯ જાન્યુઆરી સુધીમાં તેમણે આવી હેલ્પલાઈન શરૂ કરી દેવી. સાથોસાથ આ પ્રતિબંધો અંગે લોકોમાં જાગૃતિ લાવવા સરકારે ઈલેક્ટ્રોનિક મીડિયા, ટીવી ચેનલ, સોશિયલ પ્લેટફોર્મની મદદ લેવી તેવો આદેશ કરેલ. ઉપરાંત જ્યાં પણ જાહેરમાં મોટા ન્ઈઙ સ્ક્રીન મૂક્યા હોય તે મારફત પણ જાગૃતિ લાવવી અને શાળાઓ અને કોલેજોમાં પણ પ્રયત્ન કરી જાગૃતિ લાવવી તેવો હુકમ કરેલ છે. ઉપરાંત વન્ય પ્રાણી સુરક્ષા કાયદો તથા અન્ય કાયદાઓ હેઠળ પણ પગલાં લેવા સૂચન કરેલ. તદુપરાંત આ પરીપત્રો અને જાહેરનામા કડક રીતે સ્થાનિક સ્તરે પર અમલ થાય તે જોવા આદેશ કરેલ છે તેમ પંકજભાઈ બુચ (અહિંસા મહાસંઘ- મો. ૯૯૦૯૭૧૮૨૪૫)ની યાદીમાં જણાવાયું છે.

## ગાય માતાને પૂજવાથી કે ભારત માતાની માત્ર જય બોલવાથી ભલું થયું નથી કે થશે પણ નહી પરંતુ પોતાનું, ગૌમાતાનું, ભારતમાતાનું કલ્યાણ કરવા માટે સૌએ કર્તવ્ય પાલન કરવું પડશે



ગાય માતા ખોરાકમાં વેલા અને પાંદડા તેમજ જુવાર, બાજરી, ઘઉંના વધેલા સૂકા પૂડાનો ખોરાક ખાઈને આપણને અમૃત જેવું દૂધ આપે છે. જે સંપૂર્ણ આહાર છે એવું આપણા ઋષિમુનીઓએ તેમજ વૈદ્યકીય વિજ્ઞાને સાબીત કરેલું છે. અને ઘણા લોકો ફકત દૂધ અને છાશ ઉપર વર્ષો સુધી સશકત અને સમૃધ્ધ જીવન જીવી ગયા છે. જયાં સુધી ગાય આધારીત કે પશુ આધારીત ખેતી થતી હતી ત્યાં સુધી બીમારી કે કુપોષણ જેવો શબ્દ, શબ્દકોષમાં જ ન હતો. હોસ્પિટલો ઓછી હતી અને લોકોની સુખાકારી ખૂબ સારી હતી.

દૂધની સાથે સાથે ગોબર અને ગૌમૂત્ર દ્વારા જમીનનું નવસર્જન થાય છે જે પોચી, ફળદ્રુપ, ભેજ જાળવનારી, પાણીની બચત કરનારી અને પાણીને જમીનની અંદર ઉતારવાની અને સાથે સાથે ખોરાકમાં બધી જ જાતના જરૂરીયાતવાળા જેવા કે કેલ્સીયમ, સોડીયમ, મેગ્નેશીયમ, પોટાશ, લોહતત્વ, ખનીજદ્રવ્યો જેવા કે સોના, ચાંદી, પ્લેટીનીયમ, વિટામીન –બી(૧૨), બી–(૨), વિટામીન અને પોષણતમ દ્રવ્યો દરેક પશુ-પક્ષીઓ અને માનવ અને સમસ્ત જીવસૃષ્ટિ અને પર્યાવરણ માટે સર્જન કરતી હતી. આપણે જાણીએ છીએ કે યુરીયા, પેસ્ટીસાઈડ બનાવવા માટે મશીનરીની જરૂર પડે છે, ઈલેકટ્રીસીટીની જરૂર છે અને સાથે સાથે તે બનાવવા માટે ઓકિસજન, પાણી વપરાય છે, કાર્બન ડાયોકસાઈડ ઉત્પન્ન થાય છે અને સાથે સાથે પાણીનો વપરાશ ઉત્પાદનમાં થાય છે અને ખેતરોમાં પાણી વધારે પાવું પડે છે અને આવા દ્રવ્યો ઓગળીને પાણીની જળ સપાટી પણ ખરાબ કરી રહયાં છે. અને તેના ઉત્પાદન પછી ખેડૂત સુધી પહોંચાડવામાં ટ્રાન્સર્વેશન, ડિસ્ટ્રીબ્યુટરો, વેપારીઓના ખર્ચાઓ વધે છે અને જેના થકી રોગકારક ખેત ઉત્પાદન થવાથી રોગો વધી રહયાં છે. તેમાં પણ આપણે જોઈએ છીએ કે વિકાર વધ્યા છે જેની કોઈ દવા નથી અને તેની સમાજ ઉપર ગંભીર આડઅસર થાય છે. જે થકી ચોરી, લૂંટફાટ અને બળાત્કાર જેવા ગંભીર ગુન્હાઓ વધી રહયાં છે. વ્હેલી તકે આપણે સૌ 'ગૌ આધારીત ખેતી' તરફ ખેડૂત સમાજને સમજાવીને ઓર્ગેનીક ખેતી તરફ લઈ જવા પડશે અને તે માટે સંપૂર્ણ સમાજે યોગ્ય ભાગ લેવો પડશે અને હાલમાં જે ખેડૂતો ઓર્ગેનીક ખેતી કરી રહયાં છે. તેની સાથે આવા ખેડૂતોનો મીલાપ કરીને જાગૃતિ લાવીશું તો જ આપણા લોકોને બિમારીમાંથી અને મનોરોગમાંથી મુકિત અપાવી શકીશું. આ માટે સંપૂર્ણ સમાજની જરૂરીયાત છે કે આ નેજા હેઠળ કામ કરે.હાલમાં ઘરે ઘરે ગાય પોષાતી નથી ત્યારે અને લોકો પાસે સગવડ પણ નથી ત્યારે ગાય આધારીત ગૌશાળાઓ, પાંજરાપોળો કામ કરતી હોય તેમને ઓર્ગેનીક ખેતી માટે જરૂરીયાત હોય તેવી મશીનરીઓ અને ઘાસફૂસનાં દાન દ્વારા મદદરૂપ થઈ ગાયોને જીવાડવી પડશે તો જ સાચી ગાયમાતાની સેવા છે અને ગાય આધારીત ખેતી દ્વારા કામ કરતા ખેડૂતોને બિરદાવી થોડોક ઉંચો ભાવ આપીને તેમનો દૂધ તેમજ તેમનો ઉત્પાદીત માલ ખરીદવો જે થકી આપણા પરીવારને સંપૂર્ણ સુખી રાખીએ.

—રમેશભાઈ ઠકકર

## આચાર્ય લોકેશજીએ 'આજના વિશ્વમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત' વિષય પર આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી

**સાચુ સુખ અને શાંતિ અધ્યાત્મના માર્ગે જ શક્ય છે - આચાર્ય લોકેશજી**

**આ કોન્ફરન્સમાં અનેક દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો**



વર્લ્ડ પીસ ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન અને ICMEI દ્વારા આયોજિત ઈન્ટરનેશનલ ઈન્ટરફેઈથ કોન્ફરન્સ 'આજના વિશ્વમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત' જેમાં વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડૉ. લોકેશજી અને વિશ્વભરમાંથી સામાજિક સંસ્થાઓના વડાઓ સાથે વિવિધ ધર્મોના આંતરધર્મ સંતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વિવિધ ધર્મના અનુયાયીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક પ્રસિદ્ધ જૈનાચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે આધ્યાત્મિકતા અને વિજ્ઞાન એકબીજાના વિરોધી નથી, પરંતુ પૂરક છે. તેમણે કહ્યું કે આધ્યાત્મિકતા વિના વિજ્ઞાન અધૂરું છે, આધ્યાત્મિકતા અને વિજ્ઞાનના સમન્વયથી અનેક વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ શક્ય છે. આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ધર્મને અધ્યાત્મ અને વિજ્ઞાન સાથે જોડવાની જરૂર છે, તેના દ્વારા જ માણસ સાચી સુખ-શાંતિ મેળવી શકે છે. ન્યૂયોર્કના આધ્યાત્મિક નેતા દિલીપ થંગપ્પને કહ્યું કે આધ્યાત્મિક વ્યક્તિ એક તર્કસંગત વ્યક્તિત્વ છે જે વાસ્તવિકતાને અવાસ્તવિકતાથી અલગ કરી શકે છે. તે જ સમયે, જે વ્યક્તિ આધ્યાત્મિકતા અથવા અનુશાસન દ્વારા પોતાના સ્વભાવને સાકાર કરી શકે છે તે માનવ છે. તેમણે કહ્યું કે, ધર્મને સમાજસેવા સાથે જોડીને તેને સમાજ કલ્યાણ અને માનવતાના કાર્યનો માર્ગ બનાવો. શંકરાચાર્ય ઓમકારાનંદ સરસ્વતીએ કહ્યું કે માણસને દવા અને પ્રાર્થના બંનેની જરૂર છે. ઔદ્યોગિક ક્ષેત્રો, શૈક્ષણિક સંસ્થાઓ, સરકાર, સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, આપણું કાર્યસ્થળ વગેરે સહિત દરેક જગ્યાએ આધ્યાત્મિકતાની જરૂરિયાત છે. આયોજક શ્રી સંદીપ મારવાહ, ઝસ્ઈના અધ્યક્ષે જણાવ્યું હતું કે આધ્યાત્મિક વ્યક્તિ સમાજ અને વિશ્વ શાંતિ માટે માર્ગ મોકળો કરે છે. મનુષ્યની અંદર અનંત શક્તિ છે, જે આધ્યાત્મિકતા દ્વારા જાગૃત થાય છે. બૌદ્ધ આચાર્ય યેશીજીએ કહ્યું કે આધ્યાત્મિકતા કોઈ વિશેષ ધર્મ, સંપ્રદાય, જાતિ કે વર્ગ સાથે સંબંધિત નથી. આધ્યાત્મિકતા દ્વારા વ્યક્તિ પોતાની આંતરિક ચેતના અને શક્તિને જાગૃત કરી શકે છે અને તેનો ઉપયોગ સમાજ, પર્યાવરણ અને માનવતાના કલ્યાણ માટે કરી શકે છે. આચાર્ય સત્યેન્દ્ર નારાયણે કહ્યું કે લોભ કે સ્વાર્થના કારણે લોકો સારા-ખરાબ દરેક કામ કરવા તૈયાર થઈ જાય છે. વિશ્વને આધ્યાત્મિકતાથી વાકેફ કરીને જ સમજદાર વ્યક્તિત્વનું નિર્માણ થઈ શકે છે, જેમાં માનવતાની તમામ સમસ્યાઓનો ઉકેલ છે. ઝિયસ આઈઝેક મલેકરજીએ કહ્યું કે આત્મા એ અંતિમ તત્વ છે, ક્રોધ, આસક્તિ અને લોભથી પીડિત આત્મામાંથી વિકૃતિઓ ઉત્પન્ન થાય છે. જગતનું કલ્યાણ અને સમાજનું ઉન્નતિ આધ્યાત્મિક સાધના દ્વારા શુદ્ધાત્માથી જ શક્ય છે. આ પ્રસંગે ઈસ્કોનના દાસજી, બ્રહ્માકુમારી પરિવારના બીકે સુશાંતજી, આચાર્ય આશુતોષજીએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમનું સંકલન શ્રી ગોપાલજીએ કર્યું હતું.

'ઉજ્જ્વલ' પંચમ મહાઅધિવેશન-૨૩

## શ્રી ચારગામ દશા પોરવાડ મહામંડળ દ્વારા દીનદયાળ હોલ ખાતે એક અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું

### આ કાર્યક્રમમાં સારી એવી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહ્યા હતા

"ઉજ્જ્વલ"નામ પ્રમાણે જ સમાજને ઉજ્જવળ પથ દર્શન કરી સત્કર્મોની રાહના પથિક બનાવવામા નિમિત્ત બનાવ્યા છે★સામાજિક,સાંસ્કૃતિક ક્ષેત્રે★ ★આપણા યૌવનધને પણ સુંદર પ્રદર્શન કરી ગૌરવ વધાર્યું છે.★તે બદલ ખૂબ ખૂબ★ ★અભિનંદન★!!!



★આ કાર્યક્રમના મુખ્ય આકર્ષણો નીચે મુજબ હતા★

★૧) સાંસ્કૃતિક કાર્યક્રમ★

★૨) ચારગામ ના ઈતિહાસનો વિડિયો★

★૩) સોવિનિયરનું વિમોચન★

★૪)સારી એવી સંખ્યામાં પ્રીમિયમ મેમ્બર બન્યા.★

★૫) એલ.ઈ.ડી તથા યુટ્યુબ ઉપર જીવંત પ્રસારણ★

★૬)સવારે ચા નાસ્તો,સાંજે ચા નાસ્તો★

★૭)બપોરે તથા રાત્રે સ્વાદિષ્ટ ભોજન★

★૮)કવિશ્રી હરિદ્વાર ગોસ્વામી તથા પ્રશાંત ભીમાણીનું વક્તવ્ય★

★૯) ચારગામનો સેલ્ફી પોઇન્ટ★

★૧૦)જુદી જુદી માહિતી દર્શાવતી સ્ટેન્ડી★. ★૧૧) રેમ્પ વોક★

★૧૨)ફાઉન્ડર,પ્રિમિયર અને દાતાશ્રીઓ નુ બહુમાન★

★૧૩)વિશિષ્ટ સન્માનીય વ્યકિતઓનુ બહુમાન★

★૧૪)વિધાર્થીઓ ને ઈનામો(ઉચ્ચ શિક્ષણ માટે)★

★આવી જ રીતે સૌના સાથ,સહકાર અને સંપથી આપણો સમાજ ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના સાથે ★સમગ્ર કાર્યક્રમ નુ★

★સૂક્ષ્મ આયોજન કરવા બદલ★

★શ્રી અંજનભાઈ પરીખ-પ્રમુખ, શ્રી ભરતભાઈ શેઠ, માનદ મંત્રીશ્રી, તથા ભાવેશભાઈ દાણી કન્વીનરને અધિવેશનની ભવ્ય સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન★

★હેમંત મહેતા★

★પ્રમુખ★

★શ્રી ચારગામ દશા પોરવાડ વણિક મંડળ અમદાવાદ









આજરોજ અમદાવાદ મેનેજમેન્ટ એંકલેવ ખાતે જાણીતા પત્રકાર બિલાડી રમેશ તન્ના તેમજ અવની તન્ના આયોજિત સેલ્યુટ ઇન્ડિયા એવોર્ડ ૨૦૨૩ સમારંભમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ તેમજ અનેક નામચીન સાહિત્યકારો પત્રકારોને મળવાનું થયું જેમાં વિદેશમાં વસતા અને સેવા ધર્મ સાથે જોડાયેલા વ્યક્તિઓને એવોર્ડ આપવામાં આવ્યો આ કાર્યક્રમમાં અમોને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ મળતા મહાનુભાવોને મળવાનો એક વિશેષ આનંદ થયો.




આજે અમદાવાદ મેનેજમેન્ટ એક્કલેવ ખાતે જાણીતા પોઝિટિવ સ્ટોરીના સર્જક રમેશ તન્ના દ્વારા સેલ્યુટ ઇન્ડિયા એવોર્ડ ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું હતું. અમેરિકામાં રહેતા ભારતીય એવા પ્રતિષ્ઠિત અને સેવાધરમાંથી જોડાયેલા લોકોને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ એવો તમારા મુખ્ય મહેમાન તરીકે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ તેમજ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. રમેશ સ્તનના લેખિત સમાજની શ્રદ્ધા પોઝિટિવ સ્ટોરીઝ પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને આ પુસ્તકમાં જે જે લોકોને સેવા પરમો ધર્મ ની વાતો લખવામાં આવી તે બધાને સ્ટેજ ઉપર બોલાવીને સન્માન પણ કરવામાં આવ્યું હતું. ન્યુસ ઓફ ગાંધીનગર દૈનિક તેમજ જન ફરિયાદ દેશ-વિદેશ પરિવાર તરફથી આ બહિર્મુખ પ્રતિભા સંપન્ન પત્રકાર બેલડી એટલે રમેશ તન્ના તેમજ અવની તન્ના ને ખૂબ ખૂબ અભિનંદન..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.